અનાદિ મહામુક્તરાજ

# અબજી બાપાશ્રી

[ સંક્ષિપ્ત જીવનકથા અને સદુપદેશ ]


પરમ ભગવદીય

ડૉ. બિપિનભાઈ પુ. સ્વદાસ



श्री स्वामिनारायण डिवाइन मिशन

सर्वजीवहितावह

આવૃત્તિ : પહેલી

નકલ : ૨૦૦૦

© શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન, અમદાવાદ

કિંમત : એક રૂપિયો (સત્સંગપ્રચારાર્થે)

સં. ૨૦૩૯, વૈશાખ સુદ નવમી
ઈ. સ. ૧૯૮૩, વીસમી મે

પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન
સ્વામિનારાયણ જ્ઞાનભવન
૧, સર્વમંગલ સોસાયટી,
નારણપુરા, અમદાવાદ.
૩૮૦ ૦૧૩

મુદ્રક :
પલ્લિકા પ્રિન્ટરી,
વલાસણ,
તા. આણંદ, જિ. ખેડા.
[ ગુજરાત ]
૩૮૮ ૩૨૬

અનાદિ મહામુક્તરાજ

# અબજી બાપાશ્રી

[ સંક્ષિપ્ત જીવનકથા અને સદુપદેશ ]

પરમ ભગવદીય

ડૉ. બિપિનભાઈ પુ. સ્વહાસ

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

સ્વામિનારાયણ જ્ઞાનભવન

૧, સર્વમંગલ સોસાયટી, નારણપુરા

અમદાવાદ ૩૮૦૦૧૩

# નિવેદન

તત્ત્વજ્ઞાનના ઉન્નત શિખરેથી વેદ, શ્રુતિ, સ્મૃતિ, પુરાણરૂપી જ્ઞાન-ધોધમાં અનેક અર્થવાળા શબ્દ-પ્રયોગોને કારણે જ્યાં સુધી તે ઉપરનાં ભાષ્યો દ્વારા નિર્ભેળ જ્ઞાનજળ નિતારી ન શકાય ત્યાં સુધી મનુષ્યની જ્ઞાનતૃષાને તે શાંત કરી શકતું નથી. પરંતુ સંતપુરુષોનાં જીવનચરિત્ર અને સદુપદેશરૂપી નિર્મળ ઝરણામાંથી વિના પ્રયાસે જ શીતળ અને નિર્ભેળ જ્ઞાનજળ પિપાસુઓને શાંતિ પમાડવા ત્વરિત કાર્યસાધક નીવડે છે.

ભગવાનનો અનુભવ કરેલા સંતના સમાગમથી જ ભગવાન મળે. બુદ્ધિ ને સમજણની શુદ્ધિ પણ તેમના થકી જ થાય છે. તેમનાં દર્શન સાથે જ હૈયામાં ટાઢું થાય છે. જે સ્વતઃસિદ્ધ મુક્તપુરુષનું આ જીવનચરિત્ર છે તે પ. પૂ. શ્રી અબજીબાપા પાસે આવનાર હરકોઈને આવો દિવ્યાનુભવ થતો.

શ્રી સ્વામિનારાયણ ભગવાનની પરાવાણી 'વચનામૃતો'માં સાદી ભાષા તળે રહેલા જ્ઞાન-ગાંભીર્યને બહાર લાવી સ્પષ્ટ રીતે સમજાવવાનું કાર્ય બાપાશ્રી અબજીબાપાશ્રીએ કર્યું છે. તેઓશ્રી રચિત રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા શ્રી 'વચનામૃત' ગ્રંથ ઉપર એક ભાષ્યરૂપ છે. શ્રીજીમહારાજે વચનામૃતોમાં જે જે ગૂઢ રહસ્ય સાદી ભાષામાં કહ્યું છે તેનું સ્પષ્ટીકરણ મૂળ સાથે સુસંગત રાખી સ્પષ્ટપણે આ ભાષ્યરૂપ પ્રદીપિકા ટીકામાં બતાવ્યું છે. આ ટીકાઓમાં જે ઉત્તમ કોટીનું જ્ઞાન ભરેલું દેખાય છે તે ઉપરથી બાપાશ્રીનું આધ્યાત્મિક બાબતમાં સ્થાન ક્યાં હોવું જોઈએ તે તુરત જ સમજી શકાય છે.

આ સિવાય બાપાશ્રીએ સભામાં તેમ જ અન્ય પ્રસંગોએ કરેલી વાર્તાઓનો સંગ્રહ બે ભાગમાં પ્રસિદ્ધ થયેલ છે, જેમાં અનુભવજ્ઞાન અને શ્રીહરિની મૂર્તિના સુખનો દિવ્ય રસ શબ્દેશબ્દે ને વાક્યેવાક્યે ટપકતો વાચકને માલૂમ પડશે. સમયના વહેણ સાથે ધીમે ધીમે ચીંથરે વીંટયા રત્ન – મહાન મુક્તવિભૂતિ – કારણ સત્સંગના પ્રણેતા પ. પૂ. શ્રી અબજી-બાપાને સત્સંગ અને વિશ્વ વિશેષ ને વિશેષ ગૌરવભરી રીતે નિહાળશે ને અનુસરશે.

પ. ભ. ડૉ. બિપિનભાઈ સ્વદાસે બાપાશ્રીના દિવ્ય જીવન અને સદુપદેશને સંક્ષિપ્તમાં આલેખવામાં તેમની બુદ્ધિને સારી રીતે ચકાસી છે. તેમના આ સફળ પ્રયાસ માટે તેમને અમારા ધન્યવાદ છે.

સંતોનું જીવન અને કવન એ ભારતદેશની મોટી પૂંજી છે. એ રીતે આ કલ્યાણકારી લઘુ સંતકથા દરેક વાચકને પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ શ્રીહરિજીના દિવ્ય સુખની ખુશબો વેરતા ગજરાસમ નીવડશે એવી આશા અને મહાપ્રભુને પ્રાર્થના.

દીનદાસ સત્સંગસેવક,


તા. ૨૦-૫-૮૩ **નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર**

અમદાવાદ (શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન વતી)

સર્વોપરી ઉપાસ્યમૂર્તિ



પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન



અનાદિ મહામુક્તરાજ અબજી બાપાશ્રી

# અનાદિ મહામુક્તરાજ

# અબજી બાપાશ્રી

## ( સંક્ષિપ્ત જીવનકથા અને સદુપદેશ )

### કચ્છનો દિવ્ય સત્સંગ

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં આજે કચ્છનો સત્સંગ એક-મુખે વખણાય છે. કચ્છી હરિભક્તોની સ્વધર્મનિષ્ઠા, ભક્તિ, કથા-વાર્તા-કીર્તનની અભિરુચિ, સત્સંગસેવા અને આધ્યાત્મમાર્ગમાં જરૂરી જીવનશુદ્ધિ અને સાદગી સહુ કોઈને પ્રેરણારૂપ છે. નાનાં-નાનાં ગામોમાં પણ મોટાં શહેરોમાં ન હોય તેવા સભાખંડવાળાં જબરજસ્ત વિશાળ મંદિરો અને તેમાં વહેલી સવારથી શરૂ થઈ જતી સેવા-પૂજા અને અખંડ સરવાણી જેવી બ્રહ્મસભાઓ સૌ કોઈને મંત્રમુગ્ધ કરે છે. ગામમાં 'ઉપલો વાસ'-'નીચલો વાસ' એવા વિભાગ હોય તો દરેક વાસ-વિભાગ-ને પોતાનું મંદિર· ભાઈઓનું અલગ, બાઈઓનું અલગ. પંખીઓ જેમ ચણવા-ફરવાનું પતાવી પોતાના માળામાં આવે છે, તેમ કચ્છી હરિભક્તોને મંદિર રૂપી જ જાણે માળો છે! આ ચીલો જેમનો તેમ સજીવન રહ્યો છે. આ હરિભક્તો પહેલાં પથરાળ જમીન ને પાણીની તંગીમાં મહેનતભરી ખેતી કરતા ત્યારેય આમ જીવતા. ધીરે ધીરે કડિયા-કામ શીખ્યા, દેશ-પરદેશ જઈ લાખો-કરોડો રૂપિયાના કોન્ટ્રાકટ લેતાં શીખ્યા, તોય આ જ પ્રમાણે જીવ્યા, પૈસે-ટકે સુખી થયા,

કૂવા કરી વાડીઓ કરી સરસ મજાની ખેતીવાડી કરી તોપણ એ જીવનધોરણ – એ ચીલો એમ ને એમ જ. એવી જ સાદાઈ, એવી જ શ્રમ ભરેલા જીવન માટે અભિરુચિ, એવી જ ધર્મ અને કથા-કીર્તન–સત્સંગ–સેવાની તત્પરતા.

આવું કેમ બની શક્યું ? શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતે કચ્છ ઉપર ઘણી કરુણા વહેવડાવી. પોતે મનુષ્યરૂપે વિચર્યા ત્યારે સાત વર્ષ સુધી કચ્છમાં એકધારું વિચરી મુમુક્ષુઓને હરિભક્તિનો પાકો રંગ ચડાવી દીધો. મોટા સદ્ગુરુઓએ પણ કચ્છમાં વિચરીને હરિભક્તોને ખૂબ પોષણ દીધું. સદ્. બ્રહ્માનંદ સ્વામી, સદ્. લોકનાથાનંદ સ્વામી, સદ્. નિર્ગુણદાસજી સ્વામી આદિ સંતો કચ્છમાં ખૂબ ફર્યા છે. ભુજના સદ્. અચ્યુતદાસજી સ્વામી, સદ્. અક્ષરજીવનદાસજી સ્વામી આદિ સંતમંડળે કચ્છના સત્સંગનું સંવર્ધન કર્યું. શ્રીજીકૃપાથી મહાસમર્થ મુક્ત પુરુષોએ પણ કચ્છમાં અવતરી અનેક મુમુક્ષુઓને કલ્યાણને માર્ગે લઈ ગયા. માંડવીમાં લક્ષ્મીરામભાઈ, દહીંસરામાં કેસરાભાઈ, સુખપુરમાં દેવજીભાઈ આદિ તથા ભુજમાં લાધીબા–સૂરજબા, કેરામાં સદાબા, રામપુરમાં ધનબા – એ આદિક પ્રસિદ્ધ મુક્તો હતાં. એ સર્વે મુક્તો પણ જેમને સન્માનતા એવા બળદિયા ( વૃષપુર ) ગામના એ સૌમાં શ્રેષ્ઠ એવા મહાસમર્થ મુક્તરાજશ્રી અબજી બાપાશ્રીએ તો જીવોના આત્યંતિક કલ્યાણનું એવું સદાવ્રત ચલાવ્યું કે કચ્છ ઉપરાંત સમગ્ર સત્સંગમાં અનેક મોક્ષભાગી જીવો શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિના અનુપમેય સુખે સુખિયા થઈ ગયા.

## પ્રાકટ્ય ને બાળલીલા

શ્રીજીમહારાજના કેવળ સંકલ્પથી જ અનાદિ મહામુક્તરાજ અબજી બાપાશ્રી ભુજથી વીસેક કિલોમીટર દૂર આવેલા બળદિયા

( વૃષપુર ) ગામમાં સં. ૧૯૦૧ ના કારતક સુદી અગિયારશને રોજ પાંચાભાઇ વેકરિયાના કણબી કુટુંબમાં પ્રગટ થયા. તેમનાં માતુશ્રીનું નામ દેવબા હતું. અબજી બાપાશ્રીના જન્મ – સંબંધમાં એક હકીકત ઉલ્લેખનીય છે. તેમનાં માતુશ્રી તથા પિતાશ્રી શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં અનન્ય આશ્રિત અને અતિશય ધર્મનિષ્ઠ હતાં. માતુશ્રી દેવબા નિત્યે વહેલી સવારે, ગામની નજીક આવેલા, શ્રીજીની પ્રસાદીના તળાવ — કાળી તળાવડીમાં નહાવા માટે અન્ય બાઇઓ જોડે જતાં. એક દિવસે નાહીને, તળાવને કાંઠે, શ્રીજી-મૂર્તિનું અનુસંધાન રાખી બેઠાં હતાં, ત્યાં તેજના સમૂહમાં શ્રીજીમહારાજનાં દર્શન થયાં. દિવ્ય મનોહર મૂર્તિ શ્રીહરિજીનાં દર્શન થતાં દેવબા અતિ રૂપના અવતાર એવા શ્રીહરિને જોઈ અત્યંત આનંદમાં આવી ગયાં ત્યારે શ્રીજીએ પ્રસન્ન થઈ વરદાન માગવા કહ્યું ત્યારે દેવબા બોલ્યાં કે ‘ તમારા જેવા મારે પુત્ર ખપે ! ’ ત્યારે મંદ મંદ સ્મિત કરી શ્રીહરિજી બોલ્યા : ‘ બાઈ! અમારા જેવા તો અમે એક જ છીએ, પણ અમારા અનાદિમુક્ત પણ અમારા જેવા કહેવાય તે અનાદિમુક્ત તમારે ત્યાં પ્રગટ થશે, અને અસંખ્ય જીવોનો ઉદ્ધાર કરશે ને તમારા મનોરથ પૂરા કરશે.’ આમ, શ્રીહરિજીના સંકલ્પથી–વરદાનથી સિદ્ધમુક્ત અનાદિ મુક્તરાજ અબજી બાપાશ્રીનું પ્રાકટ્ય થયું.

બાળપણથી જ અબજી બાપાશ્રીમાં સૌને અલૌકિકતાનાં દર્શન થતાં. ક્યારેક દિવ્ય પુરુષો ઘરમાં આવી બાળરૂપ મુક્તરાજની ચંદન, કુમકુમ–પુષ્પથી પૂજા કરી જતા જણાતા.

ઘણી વાર અબજી બાપા સમાધિમાં ઊંડા ઊતરી જતા. નાડી-પ્રાણ બંધ થઈ જાય ત્યાં સ્તનપાન તો હોય જ શાનું ? એકેક બબ્બે મહિના, તો ક્યારેક ત્રણ–ચાર મહિના સ્તનપાન વિના જ

સૂઇ રહેતા. વચમાં જાગે, જુએ તો જાણે સમાધિમાં જ છે તેવું લાગે. માતુશ્રી મનોરથ કરે ત્યારે સામું જોઈ મંદ હાસ્ય કરે. લાંબા સમય સુધી સ્તનપાન ન કરે, છતાં એવા ને એવા તાજા ને સ્વસ્થ જોઈ સૌ કોઈને અતિ આશ્ચર્ય થતું. અંગ સર્વે ભરાવદાર, ભીને વાન, રમાડનાર કે જોનારનાં મન-ચિત્તને આકર્ષણ કરી લે તેવા આ મુક્તરાજે સૌના અંતરમાં એવો પ્રભાવ પાડી દીધો કે આ કોઈ મોટા યોગી હશે કે શું ? કપાળ જોતાં બહુ જ મોટા ભાગ્યવાળા જણાય; સૌ અટકળ-અનુમાન કરે પણ અનુભવ તો એક માતુશ્રીને હતો કે શ્રીજી મહારાજે પ્રસન્ન થઈ સમર્થ અનાદિ મુક્તરાજને પોતાને ત્યાં બાળસ્વરૂપે મોકલ્યા છે.

એક વખત મુક્તરાજે ઘણા દિવસ સ્તનપાન ન કર્યું, તેથી માતુશ્રી ઉદાસ થઈ ચિન્તા કરવા માંડયાં; ત્યારે શ્રીજી મહારાજે તેજોમય દર્શન દઈ કહ્યું : 'બાઈ, કેમ ભૂલી જાઓ છો ? આ તો અમારી મૂર્તિમાં રહેનારા અનાદિ મુક્ત છે. તે તો એક અમને જ જુએ છે, એને અમારી મૂર્તિ વિના બીજું કાંઈ છે જ નહીં. એમનાં દર્શન-સેવા તે તો અમારાં દર્શન-સેવા તુલ્ય જાણજો. એમના જન્મથી તમે તો કૃતાર્થ થઈ ગયાં છો. તમારે હવે કાંઈ કરવું રહ્યું નથી, પણ ક્યારેય મનુષ્યભાવ આવવા દેશો નહીં.' આવાં દર્શનથી દેવબા હર્ષાયમાન થઈ ગયાં.

સમય જતાં, મુક્તરાજનું નામકરણવિધિ કરી 'અબજીભાઈ' એવું નામ ધારણ કરાવ્યું. આ નામમાં કેવું રહસ્ય સમાયેલું છે, તે જાણવા એક અનુભવી કવિએ સવૈયો કર્યો છે :

'અ 'ક્ષરકોટિ પર પુરુષોત્તમની મૂર્તિમાં રહે જોડાઇ,
'બ 'હુ જીવને કરવા હરિ સન્મુખ એ જેની છે વડી વડાઈ;

'જી'વનદાતા સત્સંગીના, જેની કીર્તિ અતિ ગવાઈ,
'ભ્રાતા'વત્ હિતચિન્તક જનના, નામ રૂડું શ્રી અબજીભાઈ.

માતા–પિતા–કુટુંબીજનો–પાડોશીઓ અને બાળમિત્રોને દિવ્ય આનંદ ઉપજાવતા થકા બાળસ્વરૂપ મુક્તરાજ અનેક ચરિત્રો કરતા. બાળસખાઓને લઈને 'મંદિર–મંદિર, મૂર્તિ–મૂતિ' રમે ! 'દર્શન કરો, પ્રસાદી લો' કરી, સૌ બાળકોને ધ્યાન કરાવે. બીજા ધ્યાન કરવા થોડી વાર આંખો મીંચી રાખે ત્યાં તો આ મુક્તરાજ શ્રીજી-મૂર્તિના સુખમાં ઊતરી જાય ! બાળકો જગાડવાનું કરે, પણ કોણ જાગે ? વાટ જોઈને સહુ થાકે ત્યારે બીજે સ્થળે રમવા માંડે. ઘણી વારે પોતે ઊઠીને સૌ રમતાં હોય ત્યાં જઈને રમવા લાગે એટલે બાળકો કહે : 'ભાઈ ઊંઘી ઊંઘીને આવ્યા !' ત્યારે પોતે કહે : 'ઊંઘ્યો હોય તે મરે ! હું તો ધ્યાન કરતો હતો, ત્યાં મહારાજ તેજોમય દેખાતા હતા. તમે પાણા ને ધૂળથી રમવા માંડયા ને હું તો મહારાજ ભેળા મોટા મોટા સાધુ હતા તે ભેળો રમતો હતો.' બાળકો આવી અલૌકિક વાત ન સમજી શકે તેથી કહે : 'તમે જૂઠું બોલો છો.' પોતે કહે : 'જૂઠું–સાચું સ્વામિનારાયણ જાણે !' સમ ખાય તોય એ બાળકો ક્યાંથી સમજી શકે !

એક વખત, ભુજના સમર્થ સદ્ગુરુ શ્રી અચ્યુતદાસજી સ્વામીશ્રી બળદિયા પધાર્યા, ત્યારે પાંચાભાઈએ મુક્તરાજશ્રીને સ્વામીશ્રી પાસે લઈ જઈ વર્તમાન ધરાવ્યાં. સ્વામીશ્રીની ચંદન–કુમકુમ, પુષ્પ-હાર, શ્રીફળથી પૂજા કરી દંડવત્ કર્યા. સ્વામીશ્રી તો મુક્તરાજશ્રીને ઓળખી ગયા હતા. તેમણે પાંચાભાઈ તથા ગામના સૌ હરિભક્તોને કહ્યું કે આ અત્યારે દેખાય છે નાના, પણ શ્રીજીના મોકલ્યા આવેલા મહામુક્ત છે, ને તેમનાં દર્શનથી અનેકનાં કલ્યાણ થશે.

## આદર્શ જીવનવ્યવહાર

ધીરે ધીરે મુક્તરાજશ્રી મોટા થતા ગયા, તેમ ભણતાં શીખ્યા. બાળબોધ લિપિ વાંચતાં શીખી, 'વચનામૃત,' 'ભક્તચિંતામણિ,' નિષ્કુળાનંદ કાવ્ય,' વગેરેની કથા કરતાં શીખ્યા. કીર્તનોનો અતિ શોખ. પોતે અગિયારસો ચોસર ( ૪ પદવાળાં ) કીર્તનો, મોઢે કરી લીધાં. મંદિરમાં કીર્તનોની રમઝટ બોલાવે. એમના મુખ થકી કીર્તન સાંભળતા એવા સૌની વૃત્તિઓ ખેંચાઈ જતી, ને અતિશય શાંતિનો સૌને અનુભવ થતો.

ભગવાનની મૂર્તિના અનુસંધાન સિવાય સર્વત્ર ઉદાસીનતા હોવા છતાં માતાપિતાના એક માત્ર પુત્ર હોવાને કારણે, માતા-પિતાના મનોરથ પૂર્ણ કરવા, આદર્શ ગૃહસ્થાશ્રમનું સ્થાપન કરવા શ્રીહરિજીની ઇચ્છાથી તેમનો લગ્ન–સંબંધ માનકૂવા ગામમાં થયો હતો.

વ્યવહાર અતિ દુર્બળ હતો, પરંતુ તે તરફ પોતાની ઉદા-સીનતા રહેતી. કુટુંબની જવાબદારી સ્વીકારી, પોતાના પિતાશ્રીની જોડે પોતે કરાંચી કામ કરવા ગયા હતા. અતિશય ધર્મપરાયણતા અને શુદ્ધ આચારનો આગ્રહ હોવાથી પોતાને માંસાહારી ને ધર્મશિથિલ લોકો જોડે વ્યવહારકાર્ય કરવાની રુચિ થઈ નહીં, તેથી પોતે પાછા બળદિયા આવતા રહ્યા. અને 'ભગવાન ભજવાના માર્ગમાં આડો આવે તેવો વ્યવહાર કરવો નથી,' તેવા દૃઢ આગ્રહ સાથે ખેતીકામ કરતા રહ્યા. ધીરે ધીરે, વ્યવહાર સુધર્યો અને નવી વાડી ખરીદી, નવાં મકાનો કરાવ્યાં ને જ્ઞાતિમાં પૈસેટકે સુખી ઘરમાં તેમના ઘરની ગણતરી થવા લાગી.

પોતે ખૂબ કાર્યરત રહેતા તોય શ્રીહરિજીની મૂર્તિમાં અખંડ

તૈલધારાવૃત્તિએ જોડાયેલા રહેતા. પણ કયારેય શ્રીહરિજીની મૂર્તિને ભૂલીને કાર્ય કરતા નહીં. આ અંગે બે પ્રસંગો જોઈએ.

એક વખત મુક્તરાજ વાડીમાં કોસ હાંકતા હતા, ત્યારે રામપુરથી વિશરામભાઈ આદિ હરિભક્તો તેમનાં દર્શને આવ્યા. પોતે તો શ્રીહરિની મૂર્તિમાં રહ્યા થકા બહારની ક્રિયા કરતા હતા, તેથી પોતાને કાંઈ ખ્યાલ આવ્યો નહિ. હરિભક્તો કેટલીય વાર રાહ જોઈ ઊભા રહ્યા, પછી વિશરામભાઈએ પાસે જઈને ઊંચે સાદે 'જય સ્વામિનારાયણ' કહ્યા, ત્યારે પોતાની વૃત્તિ નીચે ઊતરી, પોતાને સ્મૃતિ આવી ને ખબર પડી કે રામપુરથી હરિભક્તો આવ્યા છે. પછી કોસ છોડી નાખીને બેઠા ને મહારાજના મહિમાની ઘણીક વાતો કરી.

કોઈ વખત વાડીમાંથી સવારમાં વછેલા બળદ ચારવા ગયા હોય ત્યારે ચારતાં ચારતાં પોતે ડુંગરા ઉપર ચડી જાય અને બળદ તો કયાંય ચરતા હોય, તેની પોતાને ખબર ન રહે. એ વખતે કોઈ માર્ગે જતાં નીકળે તો સાદ પાડીને કહે :

'ભાઈ! ડુંગરા ઉપર કેમ ચડયા છો?' ત્યારે શુદ્ધિ આવે ને નીચે ઊતરે. પોતાને કોઈ પૂછે કે કેમ આમ કરો છો? ત્યારે બોલે : 'તમારે મારગ સામું જોઈને ચાલવું ને મારે મહારાજ સામું જોવું, તે ફેર તો પડે જ ને!'

મુકતરાજશ્રી સદાયે સંત-હરિભકતોની સેવામાં તત્પર રહેતા. બળદિયા મંદિરમાં જયારે જયારે સંતો પધારે ત્યારે તેમની સર્વ પ્રકારે સેવા કરતા. વાડીએ કે કામે પણ ન જાય, ને સેવામાં રહે. ઘણી વાર સંતોના મંડળને વિનંતી કરી કરીને પોતાને ગામ બોલાવે ને સેવા કરે. વખતોવખત ભુજમંદિરે દર્શને જાય, ઠાકો-

રજીની ને સંતોની સેવા કરે. આજુબાજુમાં, કચ્છનાં ચોવીસ ગામોમાં જ્યાં કોઈ કથાપ્રસંગ હોય ત્યાં સેવા કરે. આ રીતે સૌને પોતાના જીવનકાર્યથી સેવારીતિ સમજાવતા.

મુક્તરાજશ્રી દેખાવે તદ્દન ગરીબ સ્વભાવ જણાવતા. કોઈના લગ્નમાં કે જ્ઞાતિમાં કોઈ પ્રસંગે જવું પડે કે દિવાળી જેવા મોટા ઉત્સવના દિવસ હોય તોય લૂગડાં તો એનાં એ જ પહેરે. સાવ સાદાઈ નીતરતી જણાય. થાળમાં જમવાની પણ એ જ રીત! રોટલો મૂકે ને દાળ આપતાં ભૂલી જાય તો એકલો રોટલો જમી લે, કહે નહિ જે દાળ કેમ ન આપી! ઘી હોય તોય ભલે, ન હોય તોય ભલે. ખીચડી પીરસે તે બધી જમી લે ત્યાં સુધી છાશ ન માગે. ચળુ કરીને પાણી પીતા હોય ત્યારે કોઈને ખ્યાલ આવે ને છાશનું પૂછે તો પાણી ઢોળી છાશ લઈ ને પીએ! ખારું-મોળું કહેવાનું તો હોય જ શાનું? પોતે સાધનિકને સમજાવવા માટે કહેતા કે 'સ્વાદ રાખીને જમીએ તો જીવ ચટણો થઈ જાય!'

અબજી બાપાશ્રી અતિ સરળ સ્વભાવે યુક્ત હતા. કદાપિ કોઈ બે વચન કહી જાય તોય કાંઈ નહિ. પોતાને કોઈને વઢીને કહેવાની ટેવ જ નહિ. એક વખત કોઈ પ્રસંગે પોતાની દીકરીને વઢવું પડ્યું. સાંજે એ દીકરીને પાસે બેસારી તે રાજી થાય તેવી વાતો કરી પ્રસાદી આપી. પણ પોતાને થયું કે આમ ઉતાવળા આકરા થઈને વઢવાનું થયું તે ઠીક ન કહેવાય. બે દિવસ પછી ભુજથી સંતો આવ્યા, તેમને પૂછ્યું કે આટલી ભૂલ થઈ છે તો તેનું શું પ્રાયશ્ચિત્ત કરવું ખપે?! સંતો કહે કે, 'તે તો વ્યવહારમાં રહ્યા હોય તો થાય, તેનું કાંઈ નહીં. હિતનાં વચનં દીકરીએ તમારી પાસેથી સાંભળ્યાં તે દીકરીનાં ભાગ્ય.'–તોપણ કોઈ

કોઈ વખત, તે પ્રસંગને પોતે યાદ કરી 'એક વખત મારાથી આટલી ભૂલ થઈ હતી,' એમ કહેતા. કીડી જેવા જીવને પણ દુઃખવવો નહીં તેવા શ્રીહરિના વચનમાં રહેવાનો કેટલો ખટકો !

આ રીતે, અનાદિમુક્તરાજ અબજી બાપાશ્રીએ પોતાના જીવનની નાનીમોટી સર્વે ક્રિયાઓ દ્વારા સૌ કોઈને શીખવાડયું કે શ્રી સ્વામિનારાયણ ભગવાનના ઉત્તમ સેવકે કેવી રીતે જીવન જીવવું જોઈએ. શ્રીહરિના સુખમાં અખંડ ગુલતાન રહીને, એ સ્વરૂપ સિવાય સર્વને ગૌણ ગણીને, એમની આજ્ઞામાં રતિભાર પણ ફેર પડવા દીધા વિના, તેમની પ્રસન્નતા માટે સેવાપરાયણ થઇ જીવન જીવવું, એવો દાખલો બેસાડયો.

## સત્સંગમાં વિચરણ

સં. ૧૯૧૬માં ધ. ધુ. આદિ આચાર્ય મહારાજશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની માંદગી સાંભળી કચ્છના સંઘ સાથે અબજી બાપાશ્રી અમદાવાદ દર્શને ગયા હતા. પ. પૂ. આચાર્ય મહારાજશ્રી એમને 'સમાધિવાળા અબજીભાઈ' તરીકે જાણતા. તેમણે તે વખતે ત્યાં પધારેલા સદ્. ગુણાતીતાનન્દ સ્વામીશ્રીને પણ અબજી બાપાશ્રીનો પરિચય કરાવ્યો ત્યારે સ. ગુ. અત્યંત રાજી થઈ અબજી બાપાશ્રીને બાથમાં લઈ મળ્યા હતા. એ વખતે બાપાશ્રીએ શ્રીઠાકોરજી, આચાર્યમહારાજશ્રી તથા સન્તમંડળની સેવા કરી સૌને રાજી કર્યા હતા.

અનાદિ મુક્તરાજ સદ્. શ્રી ગોપાળાનન્દ સ્વામીશ્રીના પટ્ટશિષ્ય અમદાવાદ મંદિરમાં બિરાજતા, સુપ્રસિદ્ધ મુક્તરાજ સદ્. નિર્ગુણદાસજી સ્વામી અબજી બાપાશ્રીનો અતિશય મહિમા કહેતા. અબજી બાપાશ્રી પણ સ્વામીશ્રીને ગુરુની જેમ માનતા, ને અવારનવાર અમદાવાદ, મૂળી કે ભુજ તેમની પાસે જતા. સ્વામીશ્રી

પોતે પણ ઘણી વાર બળદિયા જતા. તે બંને જ્યારે ભેગા બેસીને શ્રીહરિજીના મહિમાની વાતો કરતા, એકબીજાને મળતા કે અરસપરસ પૂજા કરતા ત્યારે બેયને એકાત્મપણું જણાતું. સ્વામીશ્રીના સમાગમમાં આવેલા અમદાવાદ – મૂળી – ભુજ ધોળકા વગેરેના સૌ સંતહરિભક્તોને સ્વામીશ્રીએ અબજી બાપાશ્રીનો મહિમા કહેતા કે તેઓ શ્રીહરિના સંકલ્પથી આ પૃથ્વીલોક ઉપર આવેલા શ્રીહરિજીના અનાદિમુક્ત છે, ત્રણેય અવસ્થામાં મૂર્તિ દેખે છે ને મૂર્તિમાં રહ્યા થકા જ સર્વે ક્રિયા કરે છે. સ્વામીશ્રીએ પોતે સં. ૧૯૪૮માં ધામમાં જતી વખતે પણ હેતરુચિવાળાં સૌને ભલામણ કરેલી કે 'તમે સર્વે અબજીભાઈનો સમાગમ કરજો. આ મુક્તને શ્રીજી મહારાજે સર્વેના સુખને અર્થે અક્ષરધામમાંથી મોકલ્યા છે ને શ્રીજી મહારાજે આ મુક્તદ્વારે પોતાનું સુખ આપવાનો સંકલ્પ કર્યો છે, માટે એમના સમાગમથી શ્રીજીની મૂર્તિ મળે છે.

અનંત જીવોના કલ્યાણને અર્થે અબજીબાપાશ્રી કચ્છ અને સૌરાષ્ટ્ર–ગુજરાતમાં તીર્થાટન કે એવે નિમિત્તે અવારનવાર વિચર્યા છે. સં. ૧૯૪૨માં અબજી બાપાશ્રી છસો માણસોનો પગપાળા સંઘ લઈને ભુજ, મૂળી, ગઢડા, ધોલેરા, ધોળકા, જેતલપુર, અમદાવાદ, વડતાલ, બુધેજ, કારીયાણી, સારંગપુર, ગઢડા, ગોંડળ, જૂનાગઢ વગેરે તીર્થોમાં ફર્યા હતા. તે વખતે પોતે અનેક ચમત્કારો બતાવેલા. કાજરડા ગામની સીમમાં મોટા મોટા દેવ વિમાનમાં બેસી અબજી બાપાશ્રી અને સંઘનાં દર્શને આવેલા, સૂર્ય ઢંકાઈ ગયેલો ને અબજી બાપાશ્રીના સ્વરૂપમાંથી તેજ નીકળતું હોય તેવાં દર્શન હાજર રહેલાં સૌ કોઈને થયેલાં; તદુપરાંત બાપાશ્રીએ કાજરડામાં અને મૂળીમાં સ્વતંત્રપણે સમાધિ કરી હતી. સંઘ જેતલપુર પહોંચવાનો હતો તે વખતે ત્યાં રહેલા સદ્. ધ્રુવાનન્દ સ્વામીને તેડવા શ્રીજી

મહારાજ પધાર્યા હતા, તે વખતે દિવ્ય સ્વરૂપે અબજી બાપાશ્રીએ શ્રીહરિજીને પ્રાર્થના કરી કે સંઘનાં સૌને સ્વામીશ્રીનાં દર્શન થાય તે માટે એક દિવસ સ્વામીશ્રીને રાખો, ત્યારે શ્રીહરિજી સ્વામીને ધામમાં તેડી ગયા નહીં, ને બીજે દિવસે સંઘે સહિત અબજી બાપાશ્રી જેતલપુર પધાર્યા ને સૌએ ઠાકોરજીનાં તથા સ્વામીશ્રીનાં દર્શન કર્યાં. તે વખતે શ્રીહરિજી સ્વામીશ્રીને તેડવા પધાર્યા ને મંદિર, મહોલ, ગામ ને આજુબાજુના વિસ્તારમાં સર્વત્ર ચંદનની વૃષ્ટિ થઈ ને સુગંધ સુગંધ ફેલાઈ ગયેલી. એ પ્રસાદીનું ચંદન સૌ હરિભક્તોએ લઈ લીધેલું.

એવી જ રીતે અનાદિમુક્તરાજ અબજી બાપાશ્રી સં. ૧૯૫૬ માં અમદાવાદ, જયપુર થઈને શ્રી છપૈયા પધાર્યા હતા, ને ત્યારે પણ ઘણાક ચમત્કાર બતાવેલા. સં. ૧૯૭૨ માં શ્રી છપૈયામાં બાળસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજ પધરાવ્યા ત્યારે પણ સંતહરિભક્તોના આગ્રહને વશ થઈને પોતે હજારો હરિભક્તોએ સહિત શ્રી છપૈયા પધારેલા ને પ્રતિષ્ઠાનો ભારે મોટો સમૈયો થયેલો ને અનેકને દિવ્ય દર્શન થયાં હતાં.

તે ઉપરાંત નાનાં-મોટાં પારાયણો, મૂર્તિપ્રતિષ્ઠા વગેરે નિમિત્તે પોતે કચ્છમાં ભુજ, રામપુર, સુખપુર, કુંભારિયા, દહીંસરા, ભારાસર, નારાયણપુર, કેરા વગેરે સ્થળે તથા સૌરાષ્ટ્રમાં મોરબી, વાંટાવદર, ધાંટીલા, માલણિયાદ, લીલાપુર, ધ્રાંગધ્રા, હળવદ, પાટડી, વઢવાણ, લીંબડી, ભાવનગર વગેરે ગામે તથા ગુજરાતમાં વીરમગામ, જેતલપુર, ઉપરદળ વગેરે સ્થળે તથા કરાંચીમાં વિચરીને અનેક જીવોને શ્રીહરિજીના સ્વરૂપના સુખે સુખિયા કરી ન્યાલ કર્યા હતા.

## અનાદિ મુક્તાની સ્થિતિનું વર્ણન

પરાત્પર પૂર્ણ પુરુષોત્તમનારાયણ શ્રી સ્વામિનારાયણ ભગવાને

પોતે આ પૃથ્વીલોક પર પધારીને પોતાના સ્વરૂપનું જ્ઞાન તથા પોતાના સુખને મુક્તો કેવી રીતે ભોગવે છે અને તે કેમ કરવાથી પ્રાપ્ત થાય છે, વગેરેનું નિરૂપણ સર્વાંગ રીતે કર્યું. કહેવાનું કાંઈ પણ બાકી રાખ્યું નથી, પણ જીવો પાત્ર હતા નહીં તેથી બધી વાત ગ્રહણ કરી શક્યા નહીં. શ્રીહરિજી પોતે અંતર્ધાન થયા પછી સદ્‌. ગોપાળાનંદ સ્વામીશ્રી, બ્રહ્માનંદ સ્વામીશ્રી, ગુણાતીતાનંદ સ્વામીશ્રી, પર્વતભાઈ જેવા મોટા મોટા અનાદિમુક્તોએ શ્રીહરિજી અને તેમના મુક્તના મહિમાની ઘણી વાતો કહેલી છે અને ઘણાંને એ સ્વરૂપમાં સ્થિતિ કરાવેલી છે; તે જ રીતે શ્રીહરિજીના સંકલ્પથી પધારેલા અબજી-બાપાશ્રીએ શ્રીહરિજીના તથા મોટા મુક્તોના મહિમાની ઘણી વાતો સમજાવી છે. તેમાંય તેમણે કહેલી ખાસ ઉલ્લેખનીય વાત એ છે કે શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુજી સર્વ કારણના કારણ ને સર્વથી વિશેષ સુખ અને ઐશ્વર્યરૂપ સ્વતંત્ર છે. શ્રીહરિજીના સ્વરૂપમાંથી નિત્ય–નવીન સુખ નીકળ્યા કરે છે, તે સુખનું અતિશય-પણું છે, ને એ સુખ ભોગવતાં કદાપિ એમ થતું નથી કે એ સુખથી ધરાઈ ગયા, નિત્ય નવું લાગે છે, ને સૌ મુક્તોને એ સુખ સમગ્ર રૂંવાડે રૂંવાડે ભોગવવાપણું છે, શ્રીહરિજીના રોમેરોમમાંથી સુખના ફુવારા છૂટે છે, આનંદ કેરા ઓઘ વળે છે તે મુક્તો સર્વકાળને વિષે ભોગવે છે, ને મુક્તો એ સુખ ભોગવવારૂપી જ સેવા કરે છે. આમ શ્રીહરિજીનું દિવ્ય સુખ સૌ મુક્તો ભોગવે છે, પણ તે મુક્તોને સુખ ભોગવવામાં ભેદ છે. જે મુક્તો શ્રીહરિજીનું પરમ સુખ શ્રીહરિજીસ્વરૂપ થઈને સન્મુખ રહીને ભોગવે છે તેવા મુક્તોને પરમ એકાંતિક કે વિદેહી કહે છે, અને જે મુક્તો શ્રી હરિજીને વિશે અતિશય સ્નેહે કરીને શ્રીહરિજીના સ્વરૂપે થઈને શ્રીહરિજીનાં અંગોઅંગમાં લીન થઈને, સુખમાં સુખ, હસ્તમાં હસ્ત, પગમાં પગ, એમ સમગ્રપણે એકતા અનુભવીને શ્રીહરિજીનું

અદ્દભુત સુખ રોમેરોમ એકકાળાવિચ્છિન્ન ભોગવે છે, તેવા મુકતોને અનાદિ મુક્ત કે કૈવલ્ય મુક્ત કહે છે. શ્રીહરિજીનું અદ્દભુત સુખ ભોગવવાની અનાદિમુક્તની ગતિ પરમ એકાંતિક મુક્તની ગતિથી અતિ વિશેષ છે. અનાદિમુકતોનું જાણપણું શ્રીહરિજીના જેટલું જ છે. જેટલું રાજાનું રાજ્ય છે, તેટલું જ રાણીનું રાજ્ય છે; તેમ શ્રીહરિજીનું જેવું સામર્થ્ય, ઐશ્વર્ય, તેજ છે તેવું જ સામર્થ્ય, ઐશ્વર્ય, તેજ અનાદિમુકતોનું પણ છે. છતાં એ સૌ અનાદિમુકતોને શ્રીહરિજી અપાર ને અપાર રહે છે. શ્રીહરિજી સ્વામી છે ને અનાદિ-મુકતો એમના દાસ છે; શ્રીહરિજી સુખના દેનારા છે, ને અનાદિ-મુકતો તેને નિઃશેષ ભોગવનારા છે. અનાદિમુકતો અતિ સમર્થ છે; સ્વતંત્ર છે, પણ શ્રીહરિજીના સેવક છે, ને શ્રીહરિજીને આધીન છે, શ્રીહરિજી પાસે જ પરતંત્ર છે. શ્રીહરિજીનું સત્‌-ચિત્‌-આનંદ દિવ્ય સ્વરૂપ છે તેમાં જડ તત્ત્વ જેવું નક્કર-બોલાપણું નથી તેથી શ્રીહરિજીના દિવ્ય સ્વરૂપમાં સમગ્રપણે લીન થઈને રહેવાય છે ને સુખ અનુભવાય છે. પરમ એકાંતિક મુકતને પણ ઊંચું-નીચું તથા પડખે-કેડે એવો ભાવ નથી તથા દેહ-દેહી ભાવ નથી, તેઓ દિવ્ય વિગ્રહ ને ચૈતન્યઘન મૂર્તિઓ છે, ને જેમ વૃક્ષ સાથે છાલ ચોંટી હોય છે તેમ શ્રીહરિજીની મૂર્તિ સાથે જોડાયેલા રહે છે ત્યારે અનાદિમુકત તો જેમ વૃક્ષમાં રસ વ્યાપી રહ્યો છે તેમ મૂર્તિમાં જોડાઈ રહેલા છે. શ્રી સ્વામિનારાયણ ભગવાનની વ્યતિરેક મૂર્તિનો-દિવ્ય મૂર્તિનો-યોગ એકાંતિક-પરમ એકાંતિક-અનાદિમુકતોને જ છે, અન્ય સૌને સૃષ્ટિકર્તા અક્ષરથી માંડીને માયા ને માયાબદ્ધ સર્વ ભૂમિકાઓને શ્રીહરિજી સાથે કાર્ય-કારણ સંબંધ છે, દિવ્ય મૂર્તિનો સીધો સંબંધ નથી. અનાદિ મુકતોને જેવું શ્રીહરિજી વિષે હેત તથા માહાત્મ્ય છે તેવું કોઈને પણ નથી.

આમ, સર્વથી શ્રેષ્ઠ-આત્યંતિક-એવું સુખ શ્રીહરિજીમાં જ છે,

ને એ સુખને સર્વથી શ્રેષ્ઠ–આત્યંતિક–રીતે અનુભવવા માટે શ્રીહરિજીના સ્વરૂપને વિષે લીન થઇને રહેવા રૂપ અનાદિમુક્તની જ સ્થિતિ છે. બીજી રીતે કહીએ તો શ્રીહરિજીની મૂર્તિમાં રહેવું તે જ આત્યંતિક કલ્યાણ છે. આ સમજણ અબજી બાપાજીએ ઘણી જ વિગતે, ઘણો જ દાખડો લઇને, ઘણાં દષ્ટાંતો આપીને સુસ્પષ્ટ કરી છે. શ્રીહરિજીની શ્રીમુખ વાણીમાં સદ્. ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, પર્વતભાઈ વગેરે અનાદિમુક્તોએ પણ એ વાત કહી છે, પણ એ વાત અતિ ચોખ્ખી કરી કરીને રજૂ કરવાનું કાર્ય શ્રીહરિએ અનાદિ મુક્તરાજ બાપાશ્રી દ્વારા કર્યું છે, જેનાથી સૌ કોઈ એ સ્થિતિને સમજીને, શ્રીહરિજીના અતિશય સુખને પામી શકે.

વચનામૃતમાં શ્રીહરિજીએ કહ્યું છે કે જેવા અમને જાણશો તેવા અમે તમને કરીશું, ને અમે તો અપાર ને અપાર રહીશું. શ્રીહરિજીનું માહાત્મ્ય સમજવામાં ને શ્રીહરિજીએ કૃપા કરીને આપણને કેવાં કર્યાં છે તે સમજવામાં જરા પણ ઊણપ ન રહી જાય એવું અબજી બાપાશ્રીએ સમજાવ્યું છે.

જેમ ભમરી છે તે ઇયળને ચટકો મારી તેની આસપાસ ગુંજારવ કરે છે, ને થોડે સમયે ઈયળનાં સર્વે અંગો રૂપાંતર પામીને તેમાંથી ભમરી થઈ જાય છે, તેમ દેહમાં નિરાકાર રહેલા જીવને શ્રીહરિજી તથા મોટા અનાદિમુક્તોની દિવ્ય વાણી અને કૃપા રૂપી ચટકો લાગી જતાં તે જીવ પણ નિરાકાર મટી શ્રીહરિજીના સ્વરૂપ જેવો સાકાર થઇ અસાધારણ સુખભોક્તા બને છે. પછી તો એને એમ જ થાય કે હું અનાદિ કાળથી અહીં જ છું, ને સુખ ભોગવું છું. તેનો 'આદિ' ભાવ ટળી જાય છે. શ્રીહરિજીની મૂર્તિમાંથી અતિ અપાર સુખ આવે છે, એ સુખની હદ નથી, જે

આટલું જ સુખ. અનંત અનાદિમુક્તો અનંત કોટિ કલ્પથી એ સુખમાં રમણ કરે છે, તોપણ એ સુખનો પાર આવતો નથી, ને અપાર અપાર રહે છે, તેનું વર્ણન શું કરી શકાય? આવી શ્રીહરિજીના અતિશય સુખની યથાર્થ સમજણ અનાદિ મહામુક્તરાજ અબજી બાપાશ્રી દ્વારા શ્રીહરિજીએ સૌને સમજાવી છે.

અબજી બાપાશ્રીએ કેવળ આવી શ્રીહરિજીના અનાદિમુક્તની સ્થિતિ સમજાવી હોત તોય આ જગતનાં મુમુક્ષુઓ એમનાં અકલ્પ્ય ઋણી રહેત, પરંતુ ભગવાનની અને ભગવાનના સ્વરૂપે વર્તતા અનાદિ મુક્તની દયા અનહદ હોય છે તેથી અનાદિ મુક્તની સ્થિતિની કેવળ વાત સમજાવીને અટકવાને બદલે અબજી બાપાશ્રીએ અનેક હરિભક્તોને એવી અનાદિમુક્તની સ્થિતિ કરાવેલી છે. શ્રીહરિજીની મૂર્તિના સુખમાં અનેકને ગુલતાન કરી દીધેલા. આ ઋણ કોણ ફેડી શકે? અબજી બાપાશ્રીના આ પૃથ્વીલોક ઉપરના વિચરણનું મહત્ત્વનું અંગ હોય તો આ જ છે કે પોતે અનંત જીવોને શ્રીહરિજીના અનાદિમુક્તની સ્થિતિ સમજાવી, અનાદિમુક્ત કરી મૂર્તિમે સુખે સુખિયા કર્યા, છતે દેહે જ ત્રણે અવસ્થામાં સુખ લેતા કર્યા. ઉત્તમ પારસે પોતાને યોગે અન્યને પારસ કર્યાં!

## 'રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા'

શ્રી સ્વામિનારાયણ ભગવાનના 'વચનામૃત'માં શ્રીહરિજીએ પોતાના સ્વરૂપની સર્વે વાતો કહી દીધી છે, નવા આદરવાળા સત્સંગીથી માંડી સિદ્ધ મુક્તો સુધીનાં સૌને માટેનાં વચનો શ્રીહરિજીએ એમાં કહી દીધાં છે. પોતાની સ્વરૂપનિષ્ઠાની, ઉપાસનાની, મહિમાની સર્વ વાતો કરી છે, પણ પોતાની સન્મુખ બેઠેલા હરિભક્તના સમુદાયને પથ્ય પડે તે રીતે કહી છે. 'વચનામૃત' ગુજરાતી

ભાષામાં છે, અને એકદમ સહેલી ભાષામાં કહેલાં છે, તે છતાં જ્યાં જેવો અર્થ સમજવો જોઈએ તેવો અર્થ સમજવો અતિ દુષ્કર છે. તે મોટા સત્પુરુષ થકી સૌ મોક્ષાર્થીએ અવશ્ય સમજવો જોઈએ. શ્રીહરિજીએ 'વચનામૃત'માં જ કહ્યું છે કે જેવા અમને જાણશો તેવા તમને કરીશું, તેથી શ્રીહરિજીનું સ્વરૂપ સમજવામાં, ઉપાસના સમજવામાં, સ્વરૂપનિષ્ઠા સમજવામાં ક્યાંય કાચ્યપ ન રહી જાય ને શ્રીહરિજી જેવા છે તેવા જ સમજાય તે ખાસ જરૂરનું છે. તે માટે અબજી બાપાશ્રી 'વચનામૃત'ના રહસ્ય-જ્ઞાન ઉપર ઘણી વાતો કરતા તે વાતોથી પ્રેરાઈને સદ્. ઈશ્વર-ચરણદાસજી સ્વામી, સ્વામી વૃંદાવનદાસજી, પુરાણી ધર્મકિશોર-દાસજી સ્વામી આદિ સંતોએ દરેક 'વચનામૃત'માંથી શું રહસ્ય સમજવાનું છે, તેમાંથી ઉપસ્થિત થતા અનેક પ્રશ્નો એકત્રિત કરી અન્ય વચનામૃત સાથે તેનો કેવો સંબંધ છે, વગેરે અંગે અબજી બાપાશ્રી પાસેથી રહસ્ય સમજી સમજીને તે સર્વ બાબતોનું સંકલન કર્યું. 'વચનામૃત' ઉપર પ્રશ્નો થતાં તેને અબજી બાપાશ્રી ખુલાસાપૂર્વક શ્રીહરિજીની જેવી સરળ શૈલીમાં જ સમજાવતા ને સંતો તે લખી લેતા. આમ પંદર વર્ષ અથાગ મહેનત કરી–કરાવીને અબજી બાપાશ્રીએ 'વચનામૃત' ઉપરની 'રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા' કરી જ્ઞાનમાર્ગ યથાર્થ સમજાવી, મુમુક્ષુ જીવો માટે એક યાવત્ ચંદ્ર દિવાકરૌ આત્યંતિક કલ્યાણના સદાવ્રતની સત્સંગને અનુપમેય ભેટ ધરી.

અબજી બાપાશ્રીનો મહદ્ ઉપકાર કે ભાવિ પેઢીઓના મુમુક્ષુ જીવાત્માને માટે આ ભગીરથ કાર્ય કરી દીધું. પોતે શ્રીહરિજીની મરજીને જાણનાર અનાદિ મુક્ત હતા, તેથી જ શ્રીહરિજીની વાણીને યથાર્થ સ્વરૂપમાં સમજાવી છે.

તે જ રીતે, અબજી બાપાશ્રી જે વાતો કરતા તે પણ લખાઈ છે, જે 'અબજી બાપાશ્રીની વાતો' તરીકે બે ભાગમાં છપાઈ પ્રસિદ્ધ થઈ છે.

## યજ્ઞ-પારાયણો :

અનેક જીવોના આત્યંતિક કલ્યાણને અર્થે અબજી બાપાશ્રીએ ૭ મોટા યજ્ઞ કર્યા હતા. તેમાં પ્રથમ મંગળકારી યજ્ઞ સં. ૧૯૫૮ના ચૈત્ર માસમાં કર્યો હતો ને 'સત્સંગિજીવન' ને 'શિક્ષાપત્રી-ભાષ્ય'નું પારાયણ બેસાર્યું હતું. તેમાં ભૂજના સદ્. સ્વામી અક્ષરજીવનદાસજી આદિ સર્વે સંતો તથા અમદાવાદથી સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ તથા મૂળીથી સ્વામી બાળકૃષ્ણદાસજી, પુ. ધર્મકિશોરદાસજી આદિ ઘણા સંતો તથા કચ્છ દેશના નાના-મોટા સર્વે હરિભક્તો ને ગુજરાત, ઝાલાવાડના ઘણા હરિભક્તો આવ્યા હતા, ને અબજી બાપાશ્રીનાં દર્શન-સમાગમનો તથા અરસપરસ સંતહરિભક્તનાં દર્શન-સમાગમનો લાભ લઈને મૂર્તિનું સુખ ભોગવી અહોભાવ અનુભવતા.

સં. ૧૯૭૧ ના ફાગણ માસમાં વૃષપુરની કાળી તળાવડી કે જ્યાં શ્રીહરિજીએ ઘણી લીલાઓ કરી હતી ને જ્યાં બાપાશ્રીનાં માતુશ્રીને શ્રીહરિજીનાં દિવ્ય દર્શન થઈ 'અમારા જેવા અનાદિ મુક્ત પુત્રરૂપે પધારશે'નો આશીર્વાદ મળ્યો હતો, તે જગ્યાએ છત્રી કરાવીને ચરણારવિંદ પધરાવ્યાં હતાં, ને મોટો યજ્ઞ કર્યો હતો ને 'સત્સંગિજીવન'નું પારાયણ કરાવ્યું હતું તેમાં ભૂજ, અમદાવાદ, મૂળી, વડતાલ, ગઢપુર, જૂનાગઢના સંતો તથા તે તે દેશના હરિભક્તો ઘણા આવ્યા હતા, ને તે યજ્ઞમાં શ્રીહરિજીએ બાપાશ્રીની પ્રીતિને વશ થઈને ઘણાં ઐશ્વર્યપ્રતાપ બતાવ્યાં હતાં. અનેકને બાપાશ્રીનાં શ્રીહરિ સાથે દિવ્યરૂપે દર્શન થયાં હતાં. ઘીના ડબ્બા

ખાલી કરીને રાખ્યા હતા તે બાપાશ્રીએ ઘીના ભરેલા દેખાડેલા ને તે ઘી યજ્ઞમાં વપરાયું હતું. તે યજ્ઞમાં આવેલ સૌ કોઈ આત્યંતિક કલ્યાણના આશીર્વાદ મેળવી ધન્ય થયાં હતાં.

સં. ૧૯૭૪ના અષાડ–શ્રાવણ માસમાં બાપાશ્રીએ મોટો મંદવાડ ગ્રહણ કરેલો. તેમાંથી સાજા થઈને છત્રીએ મોટો યજ્ઞ કર્યો હતો, ને 'પુરુષોત્તમલીલામૃતસુખસાગર'નું પારાયણ કરાવ્યું હતું, ને તે વખતે આવેલાં સર્વેને આત્યંતિક મોક્ષનાં વરદાન આપ્યાં હતાં. શ્રીહરિના સંકલ્પથી દર્શન આપતા હોય એવા અનાદિ મહામુક્તરાજ સિવાય કોણ આવો વર આપી શકે?

સં. ૧૯૭૮ના ચૈત્ર માસમાં બાપાશ્રીએ કલ્યાણકારી મોટો યજ્ઞ આદર્યો હતો; તેમાં પ્રથમ કચ્છ દેશના મોટા મોટા હરિભક્તોને તેડાવીને મંદિરમાં સભા કરી હતી, ને પોતે વાત કરી હતી કે 'શ્રી સ્વામિનારાયણ ભગવાને અમને જીવોના મોક્ષ કરવા મોકલ્યા છે ને અમને કહ્યું છે જે જેમ ઘણા જીવનો મોક્ષ થાય તેમ કરશો, તેથી આ યજ્ઞ કરવો છે. આ યજ્ઞની જે પ્રસાદી જમશે, સેવા કરશે તેનો શ્રીજી મહારાજ મોક્ષ કરશે એમ અમે સંકલ્પ કર્યો છે. અમે તમારી નાતના કણબી નથી, કોઈના બાપ–દીકરા નથી, અમે તો સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિમાં લીન રહીએ છીએ ને તેમના સંકલ્પથી આવ્યા છીએ ને જે વાતો તથા યજ્ઞ કરીએ છીએ તે કાંઈ મોટા થવા નથી કરતા પણ શ્રીજી મહારાજના સંકલ્પથી કેવળ સૌનાં કલ્યાણ અર્થે કરીએ છીએ. માટે તમે સર્વે આવજો ને સેવા–સમાગમનો લાભ લેજો.' સર્વે હરિભકતો રાજી થકા યજ્ઞની સેવામાં જોડાયા હતા. પછી બાપાશ્રીએ રાજી થઈને મહાજ્ઞાનમય યજ્ઞ ચાલુ

કર્યો, તેમાં દેશદેશાંતરથી સંત-હરિભક્તને કંકોત્રી લખીને તેડાવ્યા હતા, ને બહુ મોટી સંખ્યામાં સંત-હરિભક્તો આવ્યા હતા, ને સભામંડપમાં મહામોટી સભા થતી. 'સત્સંગિજીવન'નું પારાયણ વંચાતું, ને બાપાશ્રી તથા સંતો અહોનિશ કથાવાર્તારૂપી જ્ઞાનયજ્ઞ કરતા. સર્વે સંત-હરિભક્તોને જમાડવાની સરભરા પણ બાપાશ્રી કરાવતા. તે યજ્ઞમાં છત્રીએ હનુમાનજીની પ્રતિષ્ઠા કરી હતી. તે યજ્ઞમાં જે જે આવ્યાં તે સર્વે મોક્ષભાગી થયાં. અનેકને તે વખતે દિવ્ય દર્શન આપેલાં.

સં. ૧૯૮૨માં પણ અઠ્ઠોતેરના જેવો જ મોટો બ્રહ્મયજ્ઞ કર્યો હતો ને સંત – હરિભક્તોને ઘણાં જ સુખ આપેલાં એ દિવ્ય સંભારણાં સત્સંગ કેમ વિસરી શકે ?

સં. ૧૯૮૪માં 'આ અમારો છેલ્લો યજ્ઞ છે, તેમાં સર્વેને સમાગમનું અઢળક સુખ આપવું છે' એવો સંકલ્પ કરી 'સત્સંગિજીવન'નું પારાયણ બેસાર્યું હતું. તે યજ્ઞમાં પણ દેશદેશાંતરથી સંત-હરિભક્તોને તેડાવ્યા હતા, ને દર્શન-સેવા-સમાગમનો લાભ આપીને સર્વેના મનોરથ પૂરા કર્યા હતા. ધન્ય છે કચ્છની ધરતીને કે ત્યાં આવા અલૌકિક દિવ્ય પુરુષ શ્રીહરિના સંકલ્પથી પ્રગટ થયા !

## તિરોધાનલીલા

અબજી બાપાશ્રીએ મહામોટા છ યજ્ઞો ઉપરાંત બીજાં અસંખ્ય યજ્ઞ-પારાયણોથી અનેક જીવોને શ્રીહરિજીમાં જોડેલા. પોતે એવી જ રીતિ ચલાવેલી કે પોતા પાસે કથા-વાર્તા રૂપી બ્રહ્મયજ્ઞ ક્યારેય બંધ હોય જ નહીં. શ્રીહરિજીની જેમ શ્રીહરિજીના મુક્તોએ પણ પોતાનું સમગ્ર જીવિતવ્ય મુમુક્ષુઓના પરમ કલ્યાણ માટે 'શ્રીકૃષ્ણા-

પંણુ ' કરેલું હોય છે, તે અબજી બાપાશ્રીના જીવનવૃત્તાંતથી સૌને જણાઈ આવે છે.

અબજી બાપાશ્રીમાં દિવ્ય ચમત્કૃતિ સદૈવ જણાતી. પોતે પોતાનું યોગૈશ્વર્ય સદાય ઢાંકીઢાંકીને વર્તતા. એક જગ્યાએ રહ્યા થકા અનેક જગ્યાએ દર્શન આપવાં, શ્રીહરિજીની મૂર્તિ સાથે દર્શન આપવાં, કોઈને અંત સમયે શ્રીહરિજી સાથે તેડવા આવવું, કોઈનો અંતકાળ આવી ગયો હોય તોય આ લોકમાં કોઈ કારણવશાત્ રહેવા ઈચ્છતા હોય તો શ્રીહરિજીને પ્રાર્થના કરી આ લોકમાં રાખવા, કોઈને અગાઉથી કહી જવું કે આ વખતે તમને ધામમાં તેડી જાશું, વગેરે પ્રભાવના અસંખ્ય દાખલા મોજૂદ છે. આ લોકની વસ્તુ કોઈ માંગે તે પોતાને પસંદ જ ન હતું, પોતે કહેતા કે ' અમારી ઝોળીમાં માયિક કાળી વસ્તુ છે જ નહીં, માટે તે કોઈ માંગશો નહીં. અમે તો શ્રીહરિજીના પરમ સ્વરૂપમાં જોડવા માટે જ આવ્યા છીએ.'

આવી રીતે, અનાદિ મુક્તરાજ અબજી બાપાશ્રી ૮૩ વર્ષ, ૭ માસ ને ૨૪ દિવસ આ પૃથ્વી ઉપર રહીને શ્રીહરિજીનાં આશ્રિતોને શ્રીહરિજીના સુખમાં જોડી સં. ૧૯૮૪ ના અષાડ સુદ પાંચમ ને શુક્રવારને દિવસે પોતે દેહોત્સર્ગલીલા કરી.

જેમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની લીલાઓનું યથાર્થ વર્ણન અશક્ય છે, તેમ શ્રીહરિજીના સંકલ્પથી જ પધારેલા અનાદિ મુક્તોનું લીલા-વિચરણ-વર્ણન પણ યથાર્થ થવું અસંભવ છે. આ તો દિશમાત્ર લખ્યું છે, તેને શ્રી પરમકૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાન અને તેમના અનાદિ મુક્તો નિષ્કામપણે કરેલ નમ્ર સેવા રૂપે ગણી પોતાની દિવ્ય સેવામાં વાંચનાર-લખનારને રાખે એ જ ગદ્ગદ કંઠની નમ્ર અરજ-પ્રાર્થના. ▣ ▣ ▣

# મુક્તરાજશ્રીની દિવ્ય વાણી

૦ મહારાજને સંભારશો તો સદ્‌ગુરુ થાશો અને મહારાજને મૂકશો તો કોઈ ભાવ નહિ પૂછે, આ સત્સંગમાં શ્રીજીમહારાજ ઘોડે ચડીને ફરે છે, આજ્ઞા લોપે તેને ચાબુક મારે છે.

૦ બીજા અવતારમાં સ્વામિનારાયણ ભગવાન જેવો ભાવ બેસે તો પતિવ્રતાપણું જાય.

૦ આ જીવને ઉગારવા સંત ભાતાં બાંધીને ફરે છે તેથી એમના થઇ રહેવું, કલ્યાણ સ્વામિનારાયણને ઘેર છે–બીજે ક્યાંય નથી, શ્રીજીમહારાજ સૌને અભયદાન આપે છે તેથી સત્સંગમાં સર્વે સુખિયા છે, આપણે સાચી વસ્તુ જે મહારાજની મૂર્તિ તે રાખવી, સાધુ તો અક્ષરધામનો દરવાજો છે, તે દ્વારા મહારાજ સુખ આપે છે.

૦ સુખમાં સુખ તો શ્રીજીમહારાજની મૂર્તિ છે, તે કારણ મૂર્તિને બાઝવું, પુરુષોત્તમનારાયણની મૂર્તિમાંથી ખુશબો છૂટે છે, મૂર્તિથી બહાર નીકળે તે સુખિયા ન થાય, મૂર્તિ વિનાનું બીજું જ્ઞાન તે પ્રકૃતિનું છે, મૂર્તિમાંથી સુખના ફુવારા છૂટે છે. સૌને માથે ઠેક દઈને પુરુષોત્તમનારાયણ પાસે પહોંચવું, સ્વામિનારાયણ ભગવાન સત્સંગમાં અખંડ બિરાજે છે, તેમની બીક ન લાગે એ કેવડું બધું અજ્ઞાન ! મહારાજની આજ્ઞા લોપાય તો અપમૃત્યુ થયું જાણવું.

૦ અમને તો એક સાચી જણસ સ્વામિનારાયણની મૂર્તિ લાગે છે, મૂર્તિમાં અપાર અલૌકિક અનહદ સુખ છે, શ્રીજી મહારાજની મૂર્તિમાંથી અપરંપાર તેજ છૂટે છે, તેજનાં છટાઓ છૂટે છે, તેજના અનંત બંબ છૂટે છે, મૂર્તિની ચારે તરફ તથા સર્વ ઠેકાણે તેજનો ઠઠ છે, સામસામી તેજનો સેડયું ઢોઢ વળે છે, અનંત તેજના ઢગલા

છે તે અપાર છે, એવી અલૌકિક મૂર્તિમાં અનંત અનાદિ મુક્ત રસબસ રહ્યા છે.

૦ 'મહારાજ ને મોટાની સમીપમાં રહેવાય, તેના જેવું એકેય ઔષધ નથી.'

૦ 'આપણે તો 'સ્વામિનારાયણ ભગવાન' એ જ મંત્ર અને એ જ બુટ્ટી છે.'

૦ 'જો ભગવાનને સંભારીએ, તો પ્લેગ કે કોઈ રોગ આવે જ નહીં તથા કોઈ રોગનો પાશ પણ ન લાગે.'

૦ 'ભક્તને કોઈ જાતનો સાંસારિક હર્ષ કે શોક હોય નહીં.'

૦ 'અમે તો મહારાજ ને મુક્ત વિના બીજું કંઈ રાખ્યું નથી.'

૦ 'મહારાજ નિર્વાસનિક પર ઘણા રાજી થાય છે; માટે આપણે વાસના ટાળી શુદ્ધ થવું અને મુક્તના સંગે મૂર્તિના સુખભોક્તા થવું.'

૦ 'મહારાજની દયાનો પાર નથી. એ તો જીવોને ન્યાલ કરવા આવ્યા છે; તેથી દૃષ્ટિથી જ પામર–પતિતને પણ કૃતાર્થ કરી દે છે.'

૦ 'આપણે તો એક શ્રીજી મહારાજની સામું જ જોઈ રહેવું; પણ ઐશ્વર્ય–ચમત્કાર કે સમાધિમાં લોભાવું નહીં. કોઈના માટે મહારાજ કંઈ ઐશ્વર્યચમત્કાર બતાવે, તોપણ આપણે તો મર્તિ સામું જ જોઈ રહેવું. મહારાજ ને મુક્ત મળ્યા પછી બીજો કોઇ સંકલ્પ કરવો જ નહિ.'

૦ 'મહારાજ ને મુક્તનો એક જ ઠરાવ છે, કે 'જીવને માયાથી મુક્ત કરી તેના ચૈતન્યમાં મૂર્તિ પધરાવી દેવી.' માટે મોટામાં વિશ્વાસ રાખી તે જેમ કહે તેમ કરે, તો મૂર્તિને સુખે સુખિયો થઇ જાય!'

૦ મહારાજની મૂર્તિમાં રહેનારા મુક્ત તો સદા દિવ્ય જ હોય; તેમને આ લોક કે ભોગ કંઈ નજરમાં ન હોય; તેથી કોઈનું સ્નાન–સૂતક ન આવે.'

૦ 'સમુદ્રમાં સર્વત્ર જળ જ દેખાય છે તેમ મુક્તને એક મૂર્તિ જ સર્વત્ર દેખાય છે.'

૦ 'અક્ષરધામરૂપ તેજમાં શ્રીજી મહારાજ મુક્તો સહિત સહુને અખંડ દર્શન દે છે. તે મૂર્તિમાંથી તરેહતરેહની ખુશબો આવે છે; તેથી મુક્તો આનંદમાં ગરકાવ અને પૂર્ણ રહે છે. દિવ્ય દૃષ્ટિવાળાને મહારાજ સદાય સન્મુખ છે. મૂર્તિ આકારે વર્તાય નહિ ત્યાં સુધી શાસ્ત્ર વાંચે, જપતપ કરે; પણ એ બહિર્દૃષ્ટિથી મૂર્તિ હાથ ન આવે. આંખનું મટકું ભરીએ એટલો વખત પણ મૂર્તિ ભૂલવી નહિ. મૂર્તિ વિના બીજી ઈચ્છા રહે, તે જ દુષ્ટ વાસના છે; માટે વાસના ટાળી મૂર્તિમાં જોડાવું.'

૦ 'મહારાજ જેમ રાખે તેમ રહેવું. મહારાજ વિના બીજો સંકલ્પ ન કરવો. અંતર્વૃત્તિથી જોઇએ, તો મહારાજ પાસે જ છે.'

૦ 'મહારાજ અને મોટાને સંભારીને વાતો કરીએ તો તેમની કૃપાથી વાતો કરતાં આવડી જાય.'

૦ 'ધ્યાન કરે છે તેને તેજોમય મૂર્તિનું સુખ આવે છે.'

૦ 'દરેક ક્રિયામાં મૂર્તિનું અનુસંધાન રાખવાથી દિવ્ય સ્થિતિ થાય છે.'

૦ 'જેને મહારાજનો રસ આવે, એ જ ખરો સુખિયો! મૂર્તિથી લૂખા ન રહેવું. મોટાને ઓળખી તેમનો યોગ–સમાગમ કરવો. ત્યાં કાળ, કર્મ ને માયાનું સામર્થ્ય ચાલતું નથી. સત્શાસ્ત્ર પણ મુક્ત થકી જ યથાર્થ સમજાય છે. મહારાજને, મોટાને તથા તેમના સમાગમવાળા સર્વને દિવ્ય જાણવા.'

□

શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં વચનામૃત ઉપરની અ. મુ.
અબજીબાપાશ્રી કૃત ‘ રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા ’ની

# વિશિષ્ટતાઓ

શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં વચનામૃત એ સર્વોપરી પુરુષોત્તમનારાયણની શ્રીમુખ વાણી છે, દિવ્ય વાણી છે, પરાવાણી છે. એ વાણીની તોલે કોઈ પણ આવી શકે જ નહીં. જીવના આત્યંતિક કલ્યાણ માટે ‘વચનામૃત’ જેવું પરમ કલ્યાણકારી શાસ્ત્ર કોઈ નથી. શ્રીજી મહારાજના પરમકૃપાપાત્ર મુનિઓએ બનાવેલાં સદ્‌શાસ્ત્રોમાંથી કે વેદ–ઉપનિષદ–પુરાણ–શ્રીમદ્‌ભાગવત–રામાયણ આદિ સનાતન સદ્‌શાસ્ત્રોમાંથી કોઈ એક એવું સદ્‌શાસ્ત્ર નથી કે જેમાં જીવના પરમ કલ્યાણની રીતિ જેવી શ્રીહરિજીના વચાનામૃતમાં કહી છે તે બધી આવી જતી હોય; પરંતુ શ્રીહરિજીના વચનામૃતમાં તો બીજાં કોઈ પણ સદ્‌શાસ્ત્રમાં બતાવેલી મોક્ષરીતિ સમ્યક્ રીતે વણાઈ જ ગયેલી છે. આમ, વચનામૃત ગ્રંથ સર્વોપરી છે. જેમ હાથીનાં પગલાંમાં અન્ય સૌ જીવપ્રાણીમાત્રનાં પગલાં સમાઈ જાય, તેમ વચનામૃત ગ્રંથમાં જ સર્વે જીવને હિત કરનારી સર્વે વાતો આવી જાય છે. વચનામૃતની વાણીથી પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમનારાયણનું માહાત્મ્ય, જ્ઞાન, ધ્યાન, ઉપાસના સમજાય છે ને આત્મા–પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે ને શ્રીજી મહારાજની દિવ્ય મૂર્તિનો અનુભવ થાય છે.

વચનામૃતની વાણી સર્વોપરી છે તે છતાંય તે અત્યંત સરળ ભાષામાં છે. જ્ઞાનની અઘરામાં અઘરી વાતો સરળમાં સરળ ભાષામાં

કેવી રીતે મૂકી શકાય છે તેનું 'વચાનામૃત' એ ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. આવી સરળ ને સર્વોપરી વાણી ઉપર બીજી કોઈ ટીકા–સમજાવટની જરૂર જ નથી એવી દલીલ ઘણાં કરે છે, પણ તેમની દલીલ અસ્થાને છે. વચનામૃતનો ઝીણવટથી અભ્યાસ કરતાં જણાય છે કે શ્રીજી મહારાજે આ વચનામૃતો પોતાની સન્મુખ બેઠેલા સંત–હરિભક્તોને કહેલી વાતો છે, ને એ સાંભળનારાંઓની કક્ષા જોઈને જુદાં જુદાં વચનામૃતોમાં કેટલીક વાતો બીજરૂપે તો કેટલીક પરોક્ષભાવમાં કહી છે. વળી, શ્રીજી મહારાજે ક્યાંક પોતાને ભક્ત તરીકે તો ક્યાંક અવતાર તરીકે અને ક્યાંક તો વળી સર્વે અવતારના અવતારી તરીકે પણ પોતાને જાહેર કર્યા છે. આથી મુમુક્ષુને શ્રીજી મહારાજના સ્વરૂપનિર્ણય સંબંધે મૂંઝવણ થાય છે. આથી વચનામૃતોની વાતોનો સમન્વય કરી સમજણ આપતી ટીકાની જરૂર છે જ.

શ્રી સ્વામિનારાયણ ભગવાનના પટ્ટશિષ્યો સ. ગુ. ગોપાળાનંદ સ્વામી, સ. ગુ. નિત્યાનંદ સ્વામી, સ. ગુ. ગુણાતીતાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી વગેરે અનાદિમુક્તો શ્રીજી મહારાજનાં વચનામૃતોનું સુંદર નિરૂપણ કરી સૌ હરિભક્તોને સમજાવતા, જેમાંથી થોડુંઘણું હરિભક્તોએ પોતાની સ્મૃતિ માટે લખી લીધેલું તે ક્યાંક ક્યાંક મળી આવે છે, પરંતુ બધાં જ વચનામૃતોને આવરી લેતાં નિરૂપણ, નોંધ કે ટીકા જોવા મળતાં નથી. વચનામૃતના ઘણા અભ્યાસીઓએ વચનામૃતોની મુખ્ય મુખ્ય બાબતો–મુદ્દાઓ પરથી તે તે વચનામૃતોને જુદાં જુદાં તારવ્યાં છે; દા. ત. સ્વધર્મનાં, વૈરાગ્યનાં, સ્વરૂપનિષ્ઠાનાં, ભક્તિનાં, સર્વદેશી સમજણનાં, ઉપાસનાનાં, સંતસમાગમનાં વગેરે. વળી, વચનામૃતોમાં કેટલાં કૃપાવાક્યો છે, કેટલા પ્રશ્નો છે, કોના કોના કેટલા કેટલા પ્રશ્નો છે, એવી

તારવણીઓ કરી છે. લુણાવાડાના પ. ભ. દવે કાશીરામભાઈ શ્રીજીમહારાજના અનન્ય ઉપાસક હતા ને વચનામૃતના ખૂબ અભ્યાસી હતા. પોતે વ્યવસાયે પ્રોફેસર હતા ને અમદાવાદમાં રહેતા. કવિસમ્રાટ નાનાલાલ એમને પોતાના ગુરુ માનતા. તેમણે વિગતથી નોંધ કરી વચનામૃતોની તારવણી કરી છે જે 'કાશીરામભાઈવાળાં વચનામૃત' તરીકે જાણીતાં થયાં છે. તેમાં બધાં વચનામૃતો આવરી લેવામાં આવ્યાં છે ને દરેક વચનામૃતનો ભાવાર્થ કાઢ્યો છે. આવી અન્ય ટીકાઓ પણ પ્રસિદ્ધ થઇ છે.

આ બધી ટીકાઓ કે નિરૂપણોમાં શ્રીજીમહારાજનાં જુદાંજુદાં વચનો વચ્ચેનો સમન્વય કે પૂર્વાપર સંદર્ભ સમજાવેલો નથી. જેને વચનામૃતોની સાચી સમજણ જોઈએ છે તેને આ સમન્વય બહુ જરૂરી છે. દા. ત. ગઢડા પ્ર. પ્ર. ૧૮ મા વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે 'અમારા હૃદયમાં તો નરનારાયણ પ્રગટ વિરાજે છે, અને હું તો અનાદિમુક્ત જ છું, પણ કોઈ ને ઉપદેશે કરીને મુક્ત નથી થયો,' જેમાંથી સહજપણે એમ સમજાય કે શ્રીજીમહારાજ મુક્ત છે; જ્યારે ગઢડા મધ્ય પ્ર૦ના તેરમામાં, અમદાવાદ પ્ર૦ ના સાતમામાં, જેતલપુર પ્ર૦ના ચોથામાં, પાંચમામાં વગેરે જગ્યાએ પોતાને ભગવાન કહ્યા છે. ગઢડા પ્ર૦ પ્ર૦ ૧૮મામાં પોતાને અનાદિમુક્ત કહ્યા છે, ગઢડા પ્ર૦ પ્ર૦ ૩૨મામાં નારદ–સનકાદિકને અનાદિમુક્ત કહ્યા છે. આવા અનેક દાખલા નોંધી શકાય. આમાં કેવી રીતે સમન્વય કરવો ?

આવા સમન્વય સાથે શ્રીજીમહારાજનાં વચનામૃતોને સમજાવે તેવી ટીકા કચ્છમાં ભૂજ પાસે બળદિયા ( વૃષપુર ) ગામમાં પ્રગટ થઈ ગયેલા અનાદિમુક્ત અબજીભાઈએ કરેલી છે, જે ટીકા 'રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા' નામે પ્રસિદ્ધ થઈ છે. અ. મુ. અબજી-

ભાઈમાં સહજ રીતે સૌને વિરાટ વત્સલતાનાં દર્શન થતાં. તેમના સાંનિધ્યમાં હર કોઈ ને દિવ્ય હૂંફાળું વાતાવરણ અનુભવાતું. આવા દયાળુ વાત્સલ્યમૂર્તિ અબજીભાઈ ને પાછલી વયે લોકો ‘ બાપાશ્રી ’ એવા સન્માનીય નામથી બોલાવતાં. એમનાં માતુશ્રીને શ્રીજીમહારાજે દર્શન દઈ ને વચન આપેલું કે અમારા અનાદિમુક્ત તમારે ત્યાં પુત્ર તરીકે અવતરશે. બાળપણથી જ બાપાશ્રીને સમાધિ થતી. ‘ સમાધિવાળા અબજીભાઈ ’ તરીકે ધ. ધુ. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ પણ તેમને ઓળખતા. અનેક જીવોને બાપાશ્રીએ શ્રીજીમહારાજમાં જોડી સુખિયા કરેલા. અબજીબાપાશ્રી સદાકાળ શ્રીજીમહારાજની મૂર્તિ સાથે નિર્વિકલ્પ સ્થિતિથી જોડાઈ રહેતા. શ્રીહરિજી મૂર્તિ અને મૂર્તિના અલૌકિક સુખની જ સદાય વાતો કરતા. અનેક સંતહરિભક્તોને શ્રીજીની દિવ્ય મૂર્તિનો સાક્ષાત્કાર કરાવેલો. એક સ્થળે રહ્યા થકા બીજે સ્થળે દેખાવું, શ્રીજીની સાથે દર્શન દઈ હરિભક્તોને ધામમાં તેડી જવા, કોઈ હરિભક્તને આવરદા વિના રાખવા વગેરે અનેક ચમત્કારો બતાવતા. આવા, શ્રીહરિજીમાં સદાય જોડાયેલા અનાદિમુક્ત અબજી બાપાશ્રીએ વચનામૃત ઉપર ટીકા કરી છે તે વચનામૃતના દરેક અભ્યાસીએ કોઈ પણ જાતના પૂર્વગ્રહ વગર અવશ્ય વાંચવી જોઈએ.

બંગાળના સુપ્રસિદ્ધ સંત શ્રી રામકૃષ્ણ પરમહંસની વાતનો ઉલ્લેખ અહીં અસ્થાને નહિ ગણાય. શ્રી રામકૃષ્ણ પરમહંસને પરમાત્માના સાક્ષાત્કારની સ્થિતિ હતી, પણ આ લોકની દષ્ટિએ ખાસ કાંઈ ભણ્યા ન હતા. તેમના સમકાલીન, બંગાળના ઇતિહાસમાં પ્રસિદ્ધ બ્રાહ્મોસમાજના વડા શ્રી કેશવચંદ્ર સેન તથા અન્ય વિદ્વાનો શાસ્ત્રોના ખૂબ અભ્યાસી હતા, છતાં તેમને જ્યારે જ્યારે શાસ્ત્રોના અર્થ જાણવાની મૂંઝવણ થતી ત્યારે તેઓશ્રી રામકૃષ્ણ પરમહંસ પાસે તે જાણવા માટે જતા, અને શ્રી રામ-

કૃષ્ણના ઉત્તરોથી તેઓને ખૂબ સંતોષ થતો ને સમજણ પડતી; ત્યારે શ્રી રામકૃષ્ણ પરમહંસને કોઈકે પૂછ્યું કે આ તો બધા પંડિતો-વિદ્વાનો છે તેમને તમારા જેવા નહિવત્ ભણેલા કેવી રીતે ભણાવે છે? શ્રી રામકૃષ્ણે આપેલો ઉત્તર બધાંએ સમજવા જેવો છે. તેમણે કહ્યું કે માનો કે શાસ્ત્રમાં આંબાના વૃક્ષનું વિવરણ કરી રાખેલું હોય, તે વાંચતાં-વાંચતાં કોઈને શંકા થાય ત્યારે તેમણે તે શંકાના નિવારણ અર્થે એવા માણસ પાસે જવું પડે કે જેણે પોતે આંબાનું વૃક્ષ બરાબર જોયેલું હોય યા જે પોતે આંબો જોઈ રહ્યો હોય તેવો માણસ શંકાનું તરત સમાધાન કરી શકે. આ વાતના ઉલ્લેખનો હેતુ એ છે કે પૂર્ણ પુરુષોત્તમનારાયણ, સર્વ અવતારના અવતારી, જેનો કોઈ પાર પામી શકતાં નથી, જેનો મહિમા સદાયે અપાર છે, તેવા શ્રીસ્વામિતારાયણ ભગવાનનાં વચનામૃતો ઉપર ટીકા કોણ કરી શકે? કોની તેવી હેસિયત છે? તો એવાંની જ કે જેમણે જાતે તે જ્ઞાન અનુભવ્યું હોય. શ્રીહરિએ કહેલા અસાધારણ જ્ઞાનમાં જેમની સદાયને માટે સ્થિતિ થઈ છે એવા અનાદિ મુક્તો જ શ્રીજીમહારાજનાં વચનામૃતો ઉપર પ્રમાણભૂત રીતે કહી શકે, કારણકે તેઓ તો અનુભવી હોઈ જેમ છે તેમ કહી શકે છે. શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં વચનામૃતોનું રહસ્ય કહેવું તે કાંઈ કેવળ બુદ્ધિબળ કે કલ્પનાનું કે બુદ્ધિની સંકલનશક્તિનું કામ નથી. એ તો શ્રીજીમહારાજમાં જેમની સ્થિતિ થઈ હોય, જે શ્રીજીમહારાજનું સુખ ભોગવતા હોય તેવા અનાદિસિદ્ધ મુક્તોનું જ એ કામ છે. અબજી બાપાશ્રી એવા અનાદિ સિદ્ધમુક્ત હતા, તે તો સમગ્ર સંપ્રદાયમાં પ્રસિદ્ધ વાત છે. એવા અનાદિમુક્ત અબજીબાપાશ્રીએ શ્રીજીમહારાજનાં વચનામૃત ઉપર કરેલી 'રહસ્યાર્થ ટીકા' સર્વે મુમુક્ષુને વચનામૃતોનો તલસ્પર્શી અભ્યાસ કરવામાં ખૂબ મદદરૂપ થાય છે.

અનાદિમુક્ત સ. ગુ. ગોપાળાનન્દ સ્વામીથી જ્ઞાન ને સાક્ષાત્કારની સ્થિતિ પામેલા સ. ગુ. નિર્ગુણદાસજી સ્વામી ( જેમની વાતોનું પુસ્તક પ્રસિદ્ધ છે)ના શિષ્ય સ. ગુ. ઈશ્વરચરણદાસજી સ્વામીએ આ વચનામૃત રહસ્યાર્થમાંના પ્રશ્નો પૂછીને નોંધ્યા છે. સ. ગુ. ઈશ્વરચરણદાસજી સ્વામીને અબજી બાપાશ્રીએ સાક્ષાત્કારની સ્થિતિ કરાવેલી એવા સ. ગુ. ઈશ્વરચરણદાસજી સ્વામીએ પૂછેલા પ્રશ્નો જો કોઈ અભ્યાસી એક ચિત્તે બરાબર સમજે તો એને જરૂર જણાય કે પ્રશ્ન પૂછનારા સ્વામીશ્રીનો પણ વચનામૃતનો અભ્યાસ અસાધારણ છે. આમ દરેકેદરેક વચનામૃત ઉપરના નાના – મોટા, પૂર્વાપર સંબંધના પ્રશ્નો ચૂંટી ચૂંટીને કાઢ્યા છે. અબજી બાપાશ્રીએ પોતે એ પ્રશ્નો સાંભળીને ઉત્તર કર્યા છે. ઘણી વેળાએ તેઓ ઉત્તર કરતાં કરતાં ઉપશમ-અવસ્થામાં જતા રહેતા, બધા સંત–હરિભક્તો એમ ને એમ બેસી રહેતા, ને થોડે સમયે અબજી બાપાશ્રી ફરી વાતો કરવા માંડતા, ને પ્રશ્નના યથાર્થ ઉત્તર કરતા, જે અક્ષરશઃ નોંધી લેવાતા. આમ, દરેક વચનામૃત ઉપર પ્રશ્ન પૂછીને ઉત્તરો લખી લેવાનું કામ જ લગભગ પંદર વર્ષના લાંબા ગાળા સુધી ચાલેલું. પાંચ વર્ષ સુધી તેનું સંકલન–છપાઈ થતાં વીસ વર્ષના અપાર પરિશ્રમના પરિપાકરૂપે આ ‘ રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા ’ તૈયાર થઈ છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં આવાં અદ્ભુત વચનામૃતો ઉપરની અબજી બાપાશ્રીની કરેલી રહસ્યાર્થ ટીકાની કેટલીક વિશિષ્ટતાઓ તો ખાસ ઉલ્લેખનીય છે :

૧. દરેક મૂળ વચનામૃતોને યોગ્ય પરિચ્છેદોમાં મૂકવામાં આવેલાં છે. શ્રીજી મહારાજે પૂછેલા કે શ્રીજી મહારાજને પુછાયેલા પ્રશ્નો, શ્રીજી મહારાજનાં કૃપાવાકય વગેરેને નંબર આપ-

વામાં આવેલા છે. કોઈ એક પ્રશ્ન કે કૃપાવાકયોમાં ઘણી વાર બેત્રણ જુદી જુદી બાબતો ચર્ચેલી હોય તો તે પણ નંબરવાર છુટી પાડવામાં આવી છે.

૨. દરેક વચનામૃત પછીથી તે વચનામૃતનો સાર ટૂંકમાં આપેલો છે. તેમાં પણ આપણે તે વચનામૃત કેવી રીતે સમજવાનું છે તે સ્પષ્ટ શબ્દોમાં કહેલું છે. શ્રીજી મહારાજની મૂળ શૈલી પ્રમાણે જ દરેક વચનામૃતનો સાર તે વચનામૃતની રહસ્યાર્થ ટીકાની શરૂઆતમાં આપેલો છે.

૩. દરેક વચનામૃતને અંતે તે વચનામૃતના તત્ત્વજ્ઞાન વર્ણવતા અઘરા શબ્દો અંગેના તથા બીજાં વચનામૃતો સાથેના પૂર્વાપર સંબંધથી થતા પ્રશ્નો અને તેના સ્પષ્ટ શૈલીમાં ઉત્તરો રહસ્યાર્થ ટીકામાં આપેલા છે.

૪. ખાસ ઉલ્લેખનીય વાત એ છે કે આ રહસ્યાર્થટીકામાં વચનામૃતોના જ સંદર્ભ ( reference ) લેવામાં આવ્યા છે. સર્વાવતારી શ્રીહરિજીનો જેમને સંબંધ નથી થયો તેવાં પરોક્ષ શાસ્ત્રોથી શ્રીજી મહારાજનો પૂરેપૂરો મહિમા કહી શકાય જ નહિ. શ્રીજી મહારાજનું જ્ઞાન સમજવામાં પરોક્ષ શાસ્ત્રની સાખ્ય શોધવી તે શ્રીજી મહારાજનું માહાત્મ્ય સમજવામાં ખોટ છે, તેથી શ્રીજી મહારાજના વચનામૃતને સમજવા માટે અન્ય વચનામૃતોની જ સાખ્ય લેવાય, બીજાં કોઈનીય નહિ. વચનામૃતોનું સંસ્કૃત ભાષાંતર ' श्रीहरिवाक्यसुधासिंधु ' નામે થયું છે, તેમાં મૂળ વચનામૃતના અમુક શબ્દો વધારે સ્પષ્ટ કરેલા જોવા મળે છે, પણ તેય વચનામૃતો જ હોવાથી વચનામૃતો સમજવામાં તેની સાખ્ય ચાલે. તે મુજબ કેવળ વચનામૃતોની સાખ્યને આધારે જ રહસ્યાર્થ ટીકા કરવામાં આવી છે.

૫. વચનામૃતમાં શ્રીહરિજીએ સાંભળનારાંઓની પાત્રતા મુજબ ક્યારેક પોતાને ભક્ત તરીકે, ક્યારેક અવતાર તરીકે, તો ક્યારેક સર્વોપરી અવતારી તરીકે, એમ જુદીજુદી રીતે વર્ણવ્યા છે. આમાં કેવી રીતે સમજવાનું છે તે રહસ્યાર્થ ટીકામાં સ્પષ્ટ કરેલું છે.

૬. શ્રીકૃષ્ણ, ગોલોક, પુરુષોત્તમ, અક્ષર, ગુણાતીત વગેરે શબ્દો પૂર્વાપર સંબંધ વિના ઘણાંને ગૂંચવે છે. તે બધાંનો ક્યારે કયો સંદર્ભ સમજવો તેની યોગ્ય સમજણ રહસ્યાર્થ ટીકામાં સ્પષ્ટ કરેલી છે.

૭. રહસ્યાર્થ ટીકા દ્વારા દરેકેદરેક જગ્યાએ શ્રીજી મહારાજનું જેવું છે તેવું માહાત્મ્ય સ્પષ્ટ રીતે કહેલું છે. શ્રી સ્વામિનારાયણ ભગવાન સર્વે અવતારો અને સર્વે મુક્તોથી પૃથક્, સર્વે અવતારો તથા સર્વે મુક્તોના સ્વામી, સર્વેને સુખ–સામગ્રીના આપનારા, જેમના સુખનો ક્યારેય પાર નથી પામી શકાતો તેવા સુખમય મૂર્તિ, અનાદિશ્રીકૃષ્ણ નામક છે.

૮. શ્રી સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી છે, તેમનાં–સુખ-ઐશ્વર્ય પણ સર્વોપરી છે. તેવા અનવધિકાતિશય સુખને શ્રીહરિજીના મુક્તો કાં તો સન્મુખપણે રહીને ભોગવે છે (જેમને સ. ગુ. ગોપાળાનન્દ સ્વામી 'વિદેહી મુક્તો' ને અબજી બાપાશ્રી 'પરમ એકાંતિક મુક્તો' શબ્દથી વર્ણવે છે), યા તો અતિશય સ્નેહે કરીને શ્રીહરિની મૂર્તિમાં લીન થઈને ભોગવે છે (જેમને સ. ગુ. ગોપાળાનન્દ સ્વામી 'કૈવલ્ય મુક્તો' શબ્દથી, અબજી બાપાશ્રી 'અનાદિ મુક્તો' શબ્દથી ઓળખે છે). શ્રીહરિની મૂર્તિમાં લીન થઈ ને સુખ ભોગવવું એ અદ્‌ભુત અનુપમેય સુખ ભોગવવાની ઉત્તમોત્તમ સ્થિતિ છે. પરમ એકાંતિક મુક્તોને પણ શ્રીહરિજીનું પરમ સુખ છે, છતાં મુક્તોને સુખ ભોગવવાની ઉત્તમોત્તમ સ્થિતિ

તો શ્રીહરિજીની મૂર્તિમાં લીન રહીને સુખ ભોગવવાની જ છે. ( સ. ગુ. ગોપાળાનન્દ સ્વામીની વાતો, સં. ૨૦૩૧, પાન ૫૯ ). જ્યારે શ્રીહરિજીની જીવાત્મા ઉપર પરમ કૃપા થાય છે ત્યારે જીવાત્મા નિરાકાર મટીને દિવ્ય સાકાર સ્વરૂપે થાય છે. તે દિવ્ય સાકાર સ્વરૂપ શ્રીહરિજીના જેવું જ છે. અક્ષરધામમાં રહેલાં સર્વે મુક્તો શ્રીહરિજીના જેવા સ્વરૂપનાં જ છે. શ્રીહરિજીના દિવ્ય ચૈતન્ય સ્વરૂપમાં લીન થઈને રહેલા દિવ્ય ચૈતન્ય મુક્તો જળમાં જળવત્ લીન થતા નથી, પણ તે મુક્તોનું વ્યક્તિત્વ-વ્યક્તિતા ( Identity ) અલગ રહે છે. શ્રીહરિજી સુખ આપે છે ને સૌ મુક્તો સુખ ભોગવે છે. શ્રીહરિજી સ્વામી છે, ધણી છે, સ્વતંત્ર છે, મુકતો શ્રીહરિજીના સેવક છે, દાસ છે, શ્રીહરિજી પાસે પરતંત્ર છે. આમ, આ દેહે કરીને પરમ સુખકારી સર્વોપરી શ્રીહરિજીના પરમ સુખને અનાદિ મુકતની સ્થિતિ પ્રાપ્ત કરી ઉત્તમોત્તમ રીતે ભોગવતા થવું તે જ જીવનધ્યેય છે તે વાત રહસ્યાર્થ ટીકા દ્વારા તથા અબજી બાપાશ્રીએ પોતાની વાતો ( જે બે ભાગમાં આશરે ૯૦૦ પાનાંમાં છપાઇ પ્રસિદ્ધ થઈ છે) દ્વારા સુસ્પષ્ટ રીતે વર્ણવેલી છે. અબજી બા .૧શ્રીની પોતાની એવી અનાદિમુકતની અદ્ભુત સ્થિતિ હતી, ને અન્ય અનેક મોક્ષભાગી જીવાત્માઓને શ્રીહરિજીનું જ્ઞાન આપી એવી અનાદિમુકતની અદ્ભુત સ્થિતિ કરાવી આપી હતી. આવી અનાદિમુક્તની સ્થિતિની સમજણ શ્રીજી મહારાજે વચનામૃતો-શિક્ષાપત્રીમાં કહેલી છે. સ. ગુ. ગોપાળાનન્દ સ્વામી, સ. ગુ. બ્રહ્માનંદ સ્વામી, સ. ગુ. નિષ્કુળાનન્દ સ્વામી વગેરે મહામુનિઓએ પણ તે **વર્ણવેલી** છે, પણ શ્રીહરિ-ઈચ્છાથી અબજી બાપાશ્રીએ આ મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ ભોગવવાની ઉત્તમોત્તમ સ્થિતિની વાતઃ ખૂબ ખુલાસાપૂર્વક વિગતવાર વર્ણવેલી છે. રહસ્યાર્થ ટીકામાં પણ તે અનાદિમુક્તની સ્થિતિની વાત સ્પષ્ટ રીતે

દરેક જગાએ જણાવેલી છે.

૯. મૂળમાયાની અંદર માયાબદ્ધ રહેલી અને મૂળમાયાથી બહાર ચૈતન્યસ્વરૂપે રહેલી સર્વે ભૂમિકાઓની યથાયોગ્ય સમજણ આપેલી છે. માયાબદ્ધ જીવાત્માથી માંડીને છેક (સૃષ્ટિકર્તા) મૂળ અક્ષર સુધી કોઈનેય શ્રીહરિજીની વ્યતિરેક મૂર્તિનો સંબંધ નથી. બધાયમાં શ્રીહરિજી અન્વય સ્વરૂપે રહેલા છે તે વાત રહસ્યાર્થ-ટીકામાં અબજી બાપાશ્રીએ સ્પષ્ટ રીતે સમજાવેલી છે.

૧૦. શ્રીજી મહારાજના મુક્તોને જ શ્રીહરિજીની વ્યતિરેક મૂર્તિનો સંબંધ છે, અને મુક્તોને શ્રીહરિજી સાથે સ્વામી–સેવક સંબંધ છે. અન્ય અવતારો, અન્ય ભૂમિકાઓને સ્વામી–સેવક સંબંધ નથી, પણ કાર્ય–કારણ સંબંધ છે તે વાત 'રહસ્યાર્થ ટીકા'માં અબજી બાપાશ્રીએ સ્પષ્ટ સમજાવી છે.

૧૧. વચનામૃતમાં આવતા જુદાજુદા વિષયો તથા રહસ્યાર્થમાં વર્ણવાયેલા જુદાજુદા વિષયો ઉપર એક વિગતવાર અનુક્રમણિકા તૈયાર કરીને રહસ્યાર્થ ટીકાની સાથે આપેલી છે, જેનાથી એક શબ્દ કે વિચારને આધારે તેને વર્ણવતાં વચનામૃતો શોધવાની સુગમતા રહે છે.

આ રીતે, જેમને પરમધ્યેયસ્વરૂપ શ્રી સ્વામિનારાયણ ભગવાનની શ્રીમુખવાણી વચનામૃતનો તલસ્પર્શી અભ્યાસ કરી શ્રીહરિજીના પરમ સુખને પામવાની વ્યાકુળતા થઈ છે, તેવાંને માટે 'રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા' એ પરમ વરદાન છે. શ્રીહરિજીએ પોતે કહ્યું છે કે (વ. ગઢડા મધ્ય પ્ર. નું ૧૩ મું) સદ્દશાસ્ત્રમાં લખેલી વાતો પણ કેવળ પોતાની બુદ્ધિબળે સમજાતી નથી, તે તો મોટા પુરુષ, સત્પુરુષને યોગે કરીને જ સમજાય છે. તે રીતે એવા મહાસમર્થ સત્પુરુષ

અબજી બાપાશ્રીને યોગે કરીને વચનામૃતની શ્રીમુખ વાણી યથાર્થ જેમ છે તેમ-સમજવાનું સૌ કોઈ મુમુક્ષુઓને સુલભ બન્યું છે. આ વાત કેવળ શ્રીહરિજીની કૃપાથી બની છે. આવો! આપણે સૌ એ કૃપાનો લાભ લઈને જીવનસાફલ્ય કરીએ!

卐

આ સત્સંગમાં સહુ કોઈ મહારાજને રાજી કરવા તથા મૂર્તિના સુખને પામવા સારુ આવ્યા છે, તેથી અનેક પ્રકારના દાખડા કરે છે, પણ માન, મોટપ, યશ, કીર્તિ, પ્રસિદ્ધિ વગેરે મૂકી શકતા નથી, તેથી તેને એ મૂર્તિનું સુખ પણ આવતું નથી, માટે જેને મહારાજનું દિવ્ય સુખ પામવું હોય તેણે એ સર્વેને હરામ કરવાં જોઈએ.

પ. પૂ. બાપાશ્રી

ગઢડા પ્રથમ પ્રકરણના ૩૨ મા વચનામૃતમાં શ્રીજીમહારાજે નારદ સનકાદિક નામે પોતાના અનાદિ મુક્તને કહ્યા છે તેવા અનાદિ મુક્ત શ્રીજીમહારાજની મૂર્તિમાં (દિવ્ય સાકારરૂપે) સળંગ રહ્યા થકા મૂર્તિનાં રોમરોમનાં નવીન નવીન સુખ ભોગવે છે. તેવા મુક્તની સ્થિતિને સદ્. નિષ્કુળાનન્દ સ્વામી સમજાવે છે :—

'કોટિ મુક્ત સેવા કરે, રોમ રોમ રસરૂપ,
અંગ પ્રકાશ અગમ અતિ અક્ષરાતીત સ્વરૂપ.'

જે હરિ અક્ષરધામમાંહી રાજે, સર્વોપરી છે સદા;
તે નર–વિગ્રહધારી નાથ થઈને, સુખિયા કરે સર્વદા.
એવી સુખમય મૂર્તિમાં જ રહે છે, મુક્તો અનાદિ ઘણા;
પય મીસરીવત્ પ્રેમ પૂર્ણ રાચે, એ સુખમય મહીં ના મણા.
એવા મુક્ત સદાય નાથ સંગે, એ નાથ સાથે મળ્યા;
તેણે રૂપ અનુપ આજ ધરિયું, સહેજે ન જાયે કળ્યા.
એવા સિદ્ધ સ્વતંત્ર મુક્ત કહીએ, સંકલ્પ સુખકંદના;
જેણે જીવ અનેક આજ તાર્યા, તેને કરું વંદના.

# શ્રીસ્વામિનારાયણ ડિવાઈન મિશનના ઉદ્દેશ

૧ શ્રી સ્વામિનારાયણ ભગવાને અપનાવેલ સેવા–સદાવ્રતના આદર્શો અનુસાર ગરીબ સુપાત્ર લોકોને ભેદભાવ વિના મદદ કરવી.

૨ ભગવાન શ્રી સ્વામિનારાયણે ઉપદેશેલ નીતિ, વિશ્વધર્મ અને સદાચારનાં ધોરણો સમાજજીવનમાં ઊતરે એવો અસરકારક પ્રયત્ન કરવો.

૩ માનવજાતના સર્વશ્રેષ્ઠ શ્રેય અને પ્રેય માટે ભગવાન શ્રી સ્વામિનારાયણે જગતના વિવિધ ધર્મો ને તત્ત્વજ્ઞાનોનો સુન્દર સમન્વય કરી આપેલું ઉચ્ચ તત્ત્વજ્ઞાન વિવિધ ભાષામાં પ્રગટ કરવું.

૪ શ્રી સ્વામિનારાયણ ભગવાનના આદેશ અનુસાર આપણા દેશની સંસ્કૃતિને પોષક નીવડે તેવી સદ્‌વિદ્યાનું પ્રવર્તન કરવું.

૫ લોકોમાં સામાન્ય આરોગ્ય પ્રસરે તે માટે વૈદકીય માર્ગદર્શક સંસ્થાઓ તેમ જ રોગોના ઉપચારો માટે તબીબી રાહત મળે તેવાં સારવારકેન્દ્રો ને ઔષધાલયો સ્થાપવાં, ચલાવવાં અગર તેવી સંસ્થાઓને સહાયરૂપ થવું.

૬ ત્યાગી અને અન્ય ગૃહી જનસમુદાયના ઊર્ધ્વગામી વિકાસ માટે ભગવાન શ્રી સ્વામિનારાયણના ચીંધેલે માર્ગે વિવિધ પ્રવૃત્તિઓ યોજવી.

૭ ભગવાન શ્રી સ્વામિનારાયણે ચીંધેલે માર્ગે સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સ્નેહભાવના વધે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદ દૂર થાય એવા પ્રયત્ન કરવા.

૮ માનવોની આત્મિક શાંતિ અને ઉન્નતિના હેતુથી સ્થપાયેલ અને માનવતાની ભીનાશ અને કરુણા રેલાવતાં હોય એવાં પરમાત્માનાં મંદિરો, મહાન સત્પુરુષોનાં સ્મારકકેન્દ્રો, યાત્રીઓ માટેનાં વિશ્રામગૃહો, વગેરેના જીર્ણોદ્ધાર, નિભાવ અને વિકાસના કાર્યમાં મદદ કરવી.

૯ માનવીના જીવનઘડતર માટે ઉપયોગી એવા સંત–મુક્તોનાં સાહિત્યપ્રકાશનો તેમ જ ચિત્રો, સંગીત, વગેરે સામગ્રી સર્વસુલભ કરવી.

૧૦ શ્રી સ્વામિનારાયણ ધર્મ તેમ જ વિશ્વના વિવિધ ધર્મો અને તત્ત્વજ્ઞાનોના અભ્યાસ માટે સમૃદ્ધ પુસ્તકાલય, સંગ્રહાલય અને સંશોધનકેન્દ્ર સ્થાપવાં–ચલાવવાં.

૧૧ માનવજાતના સાચા આધ્યાત્મિક ને સામાજિક ઉત્કર્ષ માટે શ્રી સ્વામિનારાયણ ભગવાનનો માનવતાનો દિવ્ય સંદેશ અને સર્વજીવહિતાવહ આદર્શોનો પ્રચાર સમગ્ર વિશ્વમાં થઈ શકે તે માટે શ્રી સ્વામિનારાયણ ધર્મ તથા ભારત તેમ જ વિશ્વમાં પ્રવર્તતા અલગ અલગ ધર્મો અને પક્ષો વચ્ચે ઐક્ય અને સંવાદિતા સ્થપાય એવી સુયોજિત પ્રવૃત્તિઓ કરવી.